Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:7, Issue: 175 Dt.05-05-2022 (Thursday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001



સુરતની અદાલતનો ઐતિહાસિક અને દાખલારૂપ ચુકાદો

# ગ્રીષ્માનાં હત્યારા ફેનિલને ફાંસીની સજા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

સુરત, તા.૫

સુરતમાં માતા અને ભાઈની નજર સામે ગ્રીષ્મા વેકરીયા નામની ૨૦ વર્ષની વયની યુવતીની જાહેરમાં ગળા પર છરો ફેરવી કરપીણ હત્યા કરવાના આરોપસર પકડાયેલા આરોપી ફેનિલ ગોયાણીને સુરતની અદાલતે ફાંસીની સજા ફટકારી છે. અદાલતે ૫૦૦ પાનાનો અસાધારણ, ઐતિહાસિક અને આકરો ચુકાદો આપ્યો છે અને આરોપીને દાખલારૂપ સજા ફટકારી છે. ફેનિલને ફાંસી મળતા નિર્દોષ અને અરમાનોભરી ગ્રીષ્મા અને તેના

## સુરત પોલીસે ૨૫૦૦ પાનાની ચાર્જશીટ મુક્યા બાદ ૭૦ દિવસમાં નમુનારૂપ ચુકાદો

પરિવારને અંતે ન્યાય મળ્યો છે.

માત્ર સુરત નહીં સમગ્ર ગુજરાતમાં કહેવાતા પ્રેમી ફેનિલે એકતરફી પ્રેમમાં રોષે ભરાઈને જાહેર માર્ગ પર ગ્રીષ્માની છરાથી ગળું કાપી નાખી હત્યા કરવાની ઘટનાએ ખળભળાટ અને અરેરાટીનો માહોલ સર્જી દીધો હતો. સુરત પોલીસે સઘન, વ્યાપક તપાસ હાથ ધરીને ફેનિલ ગોયાણીની ધરપકડ કરી લીધી હતી. ગત ૧૨ ફેબ્રુઆરીનાં રોજ ફેનિલે ગ્રીષ્માની કરપીણ હત્યા કર્યા બાદ પોલીસે ઝડપી તપાસ કરીને અદાલતમાં ૨૫૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી છે. ચાર્જશીટ દાખલ થયાનાં ૭૦ દિવસમાં અદાલતે ઐતિહાસિક ચુકાદો આપ્યો છે અને આરોપીને ફાંસીની સજા ફટકારી છે. અદાલતે સજા સંભળાવી

## કોર્ટ રૂમમાં ગ્રીષ્માનાં પરિવારજનો ધ્રુસકે–ધ્રુસકે રડી પડ્યા

ત્યારે કોર્ટરૂમમાં હાજર ગ્રીષ્માનો પરિવાર ધ્રુસકે- ધ્રુસકે રડી પડ્યો હતો. ગ્રીષ્માનાં પિતાએ રડતી આંખે જણાવ્યું હતું કે, મારી દીકરીને ન્યાય મળ્યો છે. અમે તો ફેનિલને ઓળખતા પણ ન હતા.

જજે મનુસ્મૃતિનો શ્લોક ટાંકીને સજા સંભળાવાની શરૂઆત કરી હતી. જજે જણાવ્યું હતું કે, દંડ દેવો સરળ નથી પણ આ રેરેસ્ટ ઓફ રેર કેસ છે. આરોપીને ઘટના પછી પણ પસ્તાવો થતો દેખાયો નથી. જજે ફાંસીની સજા સંભળાવી ત્યારે પણ આરોપીને કોઈ ડર કે અફસોસ થયાનું દેખાતું ન હતું. અદાલતે ૫૦૦ થી વધુ પાનાનો લંબાણ ચુકાદો આપ્યો હતો.

સરકારી વકીલ નયન સુખડવાલાએ જણાવ્યું હતું કે, ઘટના

## ગ્રીષ્માનાં પિતાએ કહ્યું મારી દીકરીને ન્યાય મળ્યો, અમે તો ફેનિલને ઓળખતા પણ ન હતા

પછી પણ આરોપીને કોઈ પસ્તાવો થતો ન હતો. કોઈ સારું કામ કર્યું હોય એવું કહેતો રહેતો હતો. સરકારી વકીલે કહ્યું હતું કે, હત્યાની ઘટનાનો વિડીયો ગ્રીષ્મા હત્યા કેસમાં મહત્વનો પુરાવો બન્યો છે. ગ્રીષ્માનાં ગળા પર છરો ફેરવ્યા બાદ મૃત્યુ પામેલી ગ્રીષ્માનાં મૃતદેહ પાસે ઉભા રહીને આરોપી ફેનિલ ગોયાણી કશું ખાતો હતો. એ વિડીયોની ન્યાયાધીશ વિમલ.કે.વ્યાસે ગંભીર નોંધ લીધી હતી. ગ્રીષ્માની હત્યા કરતો હતો ત્યારે યુવતીને બચાવવા માટે ત્યાં હાજર લોકોમાંથી પણ કોઈ આગળ આવ્યું ન હતું. આ વિડીયો મહત્વનાં પુરાવા રૂપે કેસમાં કામ આવ્યો છે.

આ કેસની વિગત એવી છે કે, આરોપી ફેનિલ

(અનુ.પાના નં.૪ ઉપર)

કેન્દ્રનાં આરોગ્યમંત્રી ડો.મનસુખ માંડવિયાનાં અધ્યક્ષ સ્થાને

# આજથી કેવડીયા કોલોની ખાતે ત્રણ દિવસીય સ્વાસ્થ્ય ચિંતન શિબિર



## રાજ્યોના આરોગ્ય અને તબીબી શિક્ષણમંત્રીઓની ખાસ હાજરી

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૫

ગુજરાતનાં વિખ્યાત પર્યટન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડીયા કોલોની ખાતે આજે તા.૫ થી ૭મી મે સુધી ત્રણ દિવસીય સ્વાસ્થ્ય ચિંતન શિબિરનો શુભારંભ થયો છે. કેન્દ્રનાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ડો.મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં શિબિર યોજાઈ રહી છે.

ત્રણ દિવસની આ કોન્ફરન્સમાં રાજયનાં આરોગ્ય અને તબીબી શિક્ષણમંત્રીઓ ખાસ હાજરી આપશે. આ બેઠકનો હેતુ તબીબી અને જાહેર આરોગ્ય ક્ષેત્રોને લગતી નીતિઓ અને કાર્યક્રમોનાં અમલીકરણની સમીક્ષા કરવાનો છે. આ પરિષદમાં આરોગ્ય મંત્રાલય, નીતિઆયોગ, ઉદ્યોગ મંચ, સ્ટાર્ટઅપસ, એકેડમી વગેરેનાં નિષ્ણાંતો સાથે પેનલ ચર્ચામંથન થશે. હિતધારકો સાથે ખાસ ચર્ચાસત્ર પણ યોજાશે.

દેશમાં તમામ લોકોને સસ્તું, સુલભ અને સમાન સ્વાસ્થ્ય માટેનો રોડ મેપ બનાવવા, ભવિષ્યની આરોગ્ય કટોકટી માટે દેશને તૈયાર કરવા, હિલ ઇન ઇન્ડિયા અને હિલ બાય ઇન્ડિયાનો રોડ મેપ તૈયાર કરવા, સ્વસ્થ રાજ્યો, સ્વસ્થ રાષ્ટ્ર સુત્રો સિધ્ધ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. કેન્દ્રનાં આરોગ્ય મંત્રાલય દ્વારા આ ૧૪મી પરિષદ યોજાઈ રહી છે.(૨.૧૨)

# દેશના સંખ્યાબંધ વિસ્તારોમાં ફરી પલ્ટાતું હવામાન, વરસાદ

## દિલ્હી, બેંગ્લોર, તેલંગણાનાં અનેક વિસ્તારોમાં ભારે ઝંઝાવાતી પવન સાથે કમોસમી વરસાદ ખાબક્યો

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૫

કર્ણાટકનાં પાટનગર બેંગ્લોર અને તેલંગણાનાં અનેક વિસ્તારોમાં ગઈકાલે ભારે કમોસમી વરસાદ તૂટી પડ્યા બાદ ગઈકાલ સાંજથી દેશની રાજધાની નવી દિલ્હીનાં વાતાવરણમાં પણ એકાએક ભારે પલ્ટો આવ્યો હતો અને જંજાવાતી પવન સાથે જોરદાર કમોસમી વરસાદ તૂટી પડ્યો હતો. ઘણા બધા વિસ્તારોમાં વરસાદ થતા રસ્તા પર પાણી ભરાઈ ગયા હતા.

દિલ્હીનાં પશ્ચિમ બિહાર, રોહિણી, પ્રિતમપુરા જેવા વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ થતા દિલ્હીવાસીઓને કાળઝાળ ગરમીમાંથી રાહત મળી હતી. સાથે- સાથે પ્રતિકલાક ૫૦ કિ.મી. ની ઝડપે પવન પણ ફૂંકાવા લાગ્યો હતો. હવામાન ખાતાએ ભારે પવન કરાનો વરસાદ



દિલ્હીવાસીઓને આગ ઝરતી ગરમીમાં રાહત, રાજધાનીનાં અનેક વિસ્તારોમાં જળબંબાકાર

અથવા ધૂળની આંધી ઉઠવાની આગાહી કરી છે. એટલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વાતાવરણમાં પલ્ટો આવવાથી મહતમ તાપમાન ઘટીને દિલ્હીમાં અલગ- અલગ વિસ્તારોમાં ૩૮ થી માંડીને ૪૮ ડિગ્રી સુધી નોંધાયું હતું. દિલ્હીમાં આવતીકાલે પણ વરસાદ થવાની આગાહી થઇ છે. આવનારા ત્રણ દિવસ સુધી વાતાવરણ વાદળીયું રહેશે.

ગઈકાલથી દિલ્હીમાં જંજાવાતી પવન ફૂંકાઈ રહ્યો હોવાથી અને માવઠું પણ થયું હોવાથી અનેક આંતરરાષ્ટ્રીય વિમાની ફ્લાઈટનાં રૂટ બદલવામાં આવ્યા હતા. જયારે બીજી ઘણી ફ્લાઈટ મોડી થઇ હતી. ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આ રીતે અનેક ફ્લાઈટનાં કાર્યક્રમ ખોરવાઈ ગયા હતા. સારજાહથી દિલ્હી અને મુંબઈ

### મહતમ તાપમાનમાં પણ ઘણો ઘટાડો, હજુ વધુ વરસાદ થવાની આગાહી

જતી બંને ફ્લાઈટ જયપુર તરફ લઇ જવાની ફરજ પડી હતી.

બેંગ્લોરમાં જળબંબાકાર જેવી પરિસ્થિતિ ગઈકાલે સર્જાઈ હતી. ભારે તોફાની ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. તેલંગણાનાં અનેક વિસ્તારોમાં પણ હવામાનનો મિજાજ પલટાયો હતો અને અનેક વિસ્તારોમાં માવઠું થતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા અને લોકોને આકરી ગરમીમાં રાહત મળી હતી. હૈદરાબાદમાં તો અનેક વિસ્તારોમાં જળબંબાકાર થતા લોકોએ શેરીઓ અને રાજમાર્ગો પર બોટિંગ કરીને આનંદ માણ્યો હતો. હૈદરાબાદનાં અંબરપેટ, કુકટપલ્લી,

(અનુ.પાના નં.૪ ઉપર)

# કચ્છના ભૂકંપ ગ્રસ્તોને આવાસનાં માલિકી હક અર્પણ

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો સંવેદનાપૂર્ણ સૈધ્ધાંતિક નિર્ણય

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૫

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે કચ્છ જિલ્લામાં ભૂકંપ પછીનાં પુનર્વસન અન્વયે નિર્માણ પામેલા આવાસોમાં વસવાટ કરતા પરિવારોને માલિકી હક- સનદ આપવાનો માનવીય સંવેદનાભર્યો સૈધ્ધાંતિક નિર્ણય લીધો છે.

રાજ્યનાં મહેસુલમંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ આ નિર્ણયની જાણકારી આપતા જણાવ્યું હતું કે, કચ્છમાં ૨૦૦૧ માં આવેલા ભયાનક ભૂકંપ પછી તત્કાલીન સમય સંજોગોને ધ્યાનમાં રાખીને અલગ- અલગ સ્થળોએ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા મકાનો અને આવાસનું નિર્માણ કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લામાં મોટા પાયે નુકશાન થયું હોવાથી ખૂબ જ વિશાળ સંખ્યામાં આવાસોની જરૂરિયાત ઉભી થઇ હતી.

તેમણે કહ્યું હતું કે, આવા અનેક ગામોમાં વસવાટ કરતા ભૂકંપ



અસરગ્રસ્તો પાસે મકાનો હતા પણ માલિકી હકની સનદ ન હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સમક્ષ આ મામલો આવ્યો હતો. આથી એમણે માનવીય અભિગમ બતાવી આવા મકાન ધારકોને માલિકી હક- સનદ આપવાનો નિર્ણય લીધો છે. ભૂકંપ બાદ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા નિર્માણ કરાયેલા મકાનોને જ આ ફેસલો લાગુ કરશે. આવા જે ગામોમાં નિરાધાર પરિવારો માટે સંસ્થાઓએ મકાનો બનાવી આપ્યા છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# નારાજ હાર્દિક પટેલને મનાવી લેવા રાહુલ ગાંધી મેદાનમાં



## હાર્દિક સાથેની સમસ્યાઓ સુલઝાવી લેવા પ્રદેશ કોંગ્રેસનાં નેતાઓને આદેશ

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૫

છેલ્લા થોડા સમયથી પ્રદેશ કોંગ્રેસની નેતાગીરીથી નારાજ થયેલા અને અકળામણ અનુભવી રહેલા પ્રદેશ કોંગ્રેસનાં કાર્યકારી પ્રમુખ અને યુવા પાટીદાર નેતા હાર્દિક પટેલને મનાવી લેવા ખૂદ રાહુલ ગાંધીએ મામલો હાથમાં લીધો હોવાનું અને હાર્દિકને રાહુલે પોતે સીધો સંદેશો મોકલ્યો હોવાનું કોંગ્રેસનાં વિશ્વસનીય સુત્રોએ જણાવ્યું હતું.

કોંગ્રેસનાં વર્તુળોનાં કથન મુજબ રાહુલે હાર્દિક પટેલને અંગત સંદેશો મોકલી પક્ષમાં ચાલુ રહેવા અનુરોધ કર્યો છે. એટલું જ નહીં હાર્દિક સાથેનાં મતભેદો સુલઝાવી લેવા રાહુલે પ્રદેશ કોંગ્રેસનાં ઇન્ચાર્જ અને અન્ય નેતાઓને પણ આદેશ આપ્યો છે. આ ઘટનાક્રમનું અનુમોદન કરતા કોંગ્રેસનાં રાષ્ટ્રીય મહામંત્રી રણદીપ સુરજેવાલાએ કહ્યું હતું કે, હા, પક્ષની નેતાગીરીએ હાર્દિક પટેલ સાથે વાતચીત કરી છે પણ એ અંગેની વિગતો ગુજરાતનાં પ્રભારી રઘુ શર્મા જ આપી શકે.

જયારે પ્રભારી ડો. રઘુ શર્માનો સંપર્ક સાધવાનો પ્રયાસ થયો ત્યારે એમનો ફોન પર પણ રૂબરૂ સંપર્ક થઇ શક્યો ન હતો. જાણવા મળ્યું છે કે, પક્ષની નેતાગીરી દ્વારા થતી અવગણનાથી નારાજ થયેલા હાર્દિક પટેલે ગઈકાલે એમના ટ્વીટર બાયો પરથી કોંગ્રેસનું નામ હટાવી દીધું છે અને પ્રોફાઈલમાંથી પણ પક્ષનાં પ્રતિકુળ ચિત્ર હટાવી દીધું છે.

છેલ્લા થોડા સમયથી રાજકીય



કોરીડોરમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, હાર્દિક ભાજપમાં જોડાઈ જવાની તૈયારીમાં છે. આ અફવા જો કે હાર્દિકે અનેકવાર નકારી કાઢી છે અને કહ્યું છે કે, હું રાહુલ કે પ્રિયંકા ગાંધીથી નારાજ નથી પણ પ્રદેશ કોંગ્રેસની નેતાગીરીનાં મારા તરફનાં અભિગમને કારણે હું વ્યથિત છું. ચૂંટણીઓ

(અનુ.પાના નં.૪ ઉપર)

# સૌરાષ્ટ્રમાં હથિયારોની હેરાફેરીનું મોટું કૌભાંડ ઝડપાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

## ૨૨ આરોપીઓની ધરપકડઃ ગુજરાત એટીએસનું જબરું ઓપરેશનઃ ૫૪ જેટલી પિસ્તોલનો જથ્થો પણ કબ્જે કરતી પોલીસ

મધ્યપ્રદેશ જેવા રાજયમાંથી હથિયારો લાવીને સૌરાષ્ટ્રમાં વહેંચી દેવાનું લાંબા સમયથી ચાલી રહેલું શસ્ત્રોની દાણચોરીનું એક બહુ મોટું કૌભાંડ ઝડપી લેવામાં ગુજરાત એટીએસને સફળતા મળી છે. એટીએસની ટુકડીએ એક જબ્બર ઓપરેશન હાથ ધરીને હથિયારોનાં મોટા જથ્થા સાથે કુલ ૨૨ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. ગુજરાતમાં હથિયારોની હેરફેરનું આ સૌથી મોટું કૌભાંડ ઝડપાયું છે.

એટીએસનાં સુત્રોએ જણાવ્યું હતું કે, અન્ય રાજ્યોમાંથી હથિયારો સૌરાષ્ટ્રમાં ઘુસાડવામાં આવી રહ્યાની બાતમી લાંબા સમયથી મળી હતી. એ અંગે એટીએસની ઊંડી અને સઘન તપાસ ચાલી રહી હતી. એટીએસનાં અધિકારીઓ આરોપીનું પગેરું દબાવી રહ્યા હતા. એટીએસે જોરદાર ઓપરેશન હાથ ધરીને હથિયારોની તસ્કરી કરતી આખી ગેંગને ઝડપી લીધી છે. કુલ ૨૨ આરોપીઓની અત્યાર સુધીમાં ધરપકડ કરવામાં આવી છે. અત્યાર સુધી ૫૪ જેટલી પિસ્તોલ પણ કબ્જે લેવામાં આવી છે.

આરોપીઓની પૂછપરછમાં બહાર આવ્યું છે કે, મધ્યપ્રદેશનાં ધાર વિસ્તારમાંથી હથિયારો ખરીદીને સૌરાષ્ટ્રમાં લાવવામાં આવતા હતા અને ઉંચી કિંમતે વેચી દેવામાં આવતા હતા. રૂ.૨૫ થી માંડીને રૂ.૩૫ હજાર સુધીમાં દેશી કટ્ટા એટલે કે, પિસ્તોલનું વેચાણ થતું હતું. એટીએસ દ્વારા વધુ સઘન તપાસ ચાલુ રાખવામાં આવી છે. ગેંગનાં અન્ય કોઈ સાગ્રીતો છે કે કેમ, હજુ વધુ હથિયારો ક્યાં છુપાવ્યા છે, અત્યાર સુધી સૌરાષ્ટ્રમાં ક્યાં, કોને હથિયાર વેચવામાં આવ્યા છે એ તમામ મુદ્દાઓ પર આરોપીઓની કડક પૂછપરછ કરવામાં આવી રહી છે. એટીએસનાં ઓપરેશનથી હથિયારોની હેરફેર કરતા ગેંગસ્ટરોમાં હડકંપ મચી ગયો છે.(૨.૧૨)

### ફેનિલના ફાંસીના ચુકાદાને ગુજરાતભરમાં આવકાર, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું મેં ગ્રીષ્માના માતા-પિતાને આપેલું વચન પૂરું કર્યું, કાલે એમને મળીશ

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

# ગુજરાતનાં દરેક ગામમાં પહોંચશે મોબાઈલ સેવા અને ફાઈબર

## કેવડીયા કોલોની ખાતે કેન્દ્રીયમંત્રી દેવુસિંહ ચૌહાણની હૈયાધારણા



(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૫

કેન્દ્રનાં સંચાર રાજયમંત્રી દેવુસિંહ ચૌહાણે સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડીયા કોલોની ખાતે એવી ખાતરી આપી હતી કે, ગુજરાતનાં દરેક ગામમાં મોબાઈલ સેવા અને ફાઈબર પહોંચી જશે. ગુજરાત એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ગૃહ રાજ્ય છે તેથી અહીંનાં લોકોની આશા અને અપેક્ષા પણ વધુ હોય. જેથી તમામ વિભાગોને સાતત્યપૂર્ણ સેવાઓ પ્રદાન કરવાનો આદેશ અપાયો છે.

કેવડીયા કોલોની ખાતે ખાસ બેઠકમાં તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત સરહદી રાજ્ય છે. તેથી ગુજરાત અને દેશની સુરક્ષાને ધ્યાનમાં રાખીને દૂરસંચાર વિભાગે ગુજરાતનાં આવા ૬૦ ગામોની પસંદગી કરી છે. જેમાં રૂ.૪૧ કરોડનાં ખર્ચે નવા ૫૦ ટાવર ઉભા કરવામાં આવી રહ્યા છે. ૩૭ ગામોમાં કામ થઇ ગયું છે. બાકીનાં ૧૩ ગામોને પણ આવતા જૂન સુધીમાં મોબાઈલ કવરેજ મળી જશે. વડાપ્રધાને દેશના તમામ ૬ લાખ ગામડામાં મોબાઈલ સેવા અને ફાઈબર ઉપલબ્ધ કરવાનો નિર્દેશ આપ્યો છે એ જોતા ગુજરાતનાં તમામ ૩૧૭ ગામડા જે મોબાઈલ સેવાથી વંચિત છે તેમને પણ આ સેવાઓ આપવામાં આવશે. ગુજરાતમાં કુલ ૧૪૬૨૨

(અનુ.પાના નં.૪ ઉપર)

મોકાની ઓફીસ વેચવાની છે

રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.

સંપર્કઃ ૯૫૧૨૮ ૯૫૧૨૫

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૈક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે **94097 57062** પર ફોન કરો અથવા મેસેજ કરો.

# નિકાસોનું હિમાલય શિખર સર કરતુ ગુજરાતઃ ૮.૩૭ લાખ કરોડની નિકાસનો નવો વિક્રમ

## ચાલુ નાણાંકીય વર્ષમાં રાજ્યમાંથી ભિન્ન-ભિન્ન ઉત્પાદનોની નિકાસમાં ભારે ઉછાળો; ગયા નાણાંકીય વર્ષમાં કુલ નિકાસનો આંકડો ૪.૪૮ લાખ કરોડ હતો

## ૨૦૧૯થી દેશભરનાં રાજયોમાં નિકાસોમાં અવ્વલ ક્રમ જાળવતું ગુજરાત રાજય; મહારાષ્ટ્ર અને કર્ણાટક જેવા રાજયો પણ પાછળ પડી ગયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫

ગયા નાણાંકીય વર્ષનાં પ્રમાણમાં નિકાસોની દ્રષ્ટિએ ગુજરાત સતત અવ્વલ ક્રમ જાળવી રાખવામાં સફળ થયું છે અને એક વધુ વિક્રમી આંકડો પાર કર્યો છે. ૨૦૨૧-૨૨નાં નાણાંકીય વર્ષમાં ફેબ્રુઆરી સુધીમાં ગુજરાતમાંથી થયેલી નિકાસનો આંક રૂ.૮.૩૭ લાખ કરોડ થયો છે જે એક નવો વિક્રમ છે. માર્ચ મહિનાનો ડેટા હજુ આવ્યો નથી એ જોતા નિકાસનો આંકડો રૂ.૧૦ લાખ કરોડ સુધી પહોંચી જવાની શક્યતા છે. ગત નાણાંકીય વર્ષ દરમ્યાન ગુજરાતે રૂ.૪.૪૮ લાખ કરોડની નિકાસ કરી હતી. એટલે એક જ વર્ષમાં બમણો વધારો થયો છે.

અગાઉનાં વર્ષોમાં મહારાષ્ટ્ર દેશભરમાં સૌથી વધુ નિકાસ કરનાર રાજ્ય રહેતું હતું. પરંતુ ૨૦૨૦-૨૧ થી ગુજરાત આગળ નીકળી ગયું છે. ૨૦૨૦-૨૧ માં જ મહારાષ્ટ્રનો નિકાસ આંક રૂ.૪.૩૧ લાખ કરોડ હતો. તો ગુજરાતનો રૂ.૪.૪૮ કરોડ રહ્યો હતો. ત્યારથી ગુજરાત અવ્વલ ક્રમે છે. નિકાસોને પરિણામે મોંઘુ વિદેશી ચલણ ગુજરાતમાં આવે છે. સૌથી વધુ પેટ્રોલીયમ પ્રોડક્ટમાં હિરા, સિરામિક, કોટન, રેશા અને કાપડ, તૈયાર વસ્ત્રો, તેલીબીયા, મશીનરી, એન્જીનીયરીંગ પ્રોડક્ટ અને બ્રાસપારસનો સરસામાન સૌથી વધુ ગુજરાતમાંથી નિકાસ થઈ રહ્યો છે.

ગુજરાત અત્યારે ઉત્પાદનનું હબ બન્યું છે. તમામ સ્તરે ઉત્પાદન એકદમ વેગપૂર્વક ચાલી રહ્યું છે. ઉત્પાદન વધવા સાથે નિકાસોનું પ્રમાણ પણ ઉછાળો મારી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ગુજરાતની પ્રોડક્ટ વિશે વિશ્વાસનું વાતાવરણ છે. ચીન અને વિએટનામની ચીજો લેવા કરતા વિશ્વ બજારમાં લોકો ગુજરાતની પ્રોડક્ટ લેવાનું પસંદ કરે છે. એસોચેમ ગુજરાતનાં ચેરમેન ચિંતન ઠક્કરે જણાવ્યું હતું કે, કોરોનાકાળ બાદ ગુજરાતે અવિરત વીજ પુરવઠો, માનવ શક્તિનાં ઉપયોગ થકી ઉત્પાદન મામલો હલ કરવામાં સફળતા મેળવી છે એટલે જ અત્યારે દેશમાં ટોચ પર છે.

કચ્છ ઉદ્યોગ એસોસિએશન ફેડરેશનનાં એમડી નિમિશ ફડકેએ જણાવ્યું હતું કે, ગુજરાત અત્યારે નિકાસોમાં અવ્વલ ક્રમે છે ત્યારે રાજ્ય અને કેન્દ્ર સરકારોએ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં હજુ વધુ સુધારા લાવવા જોઈએ. જિલ્લાઓ માટે તૈયાર કરવામાં આવેલી નિકાસ પ્રોત્સાહન યોજનાઓનો તુરંત અમલ થવો જોઈએ.(૨.૧૨)

# પગનું ઓપરેશન સફળ નહીં થતા ગળાફાંસો ખાઈ આપઘાત

### ગાંધીગ્રામ પોલીસ સ્થળ પર પહોંચી, સુસાઈડ નોટ કબ્જે કરી તપાસ શરૂ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૦૫

રાજકોટ શહેરના એરપોર્ટ રોડ પરના સંકલ્પ સીટીમાં બ્લોક નં- ૩ માં રહેતા અને ગુંદાવાડીની પદ્મકુંવરબા હોસ્પિટલમાં ઈન્ચાર્જ મેટ્રન તરીકે ફરજ બજાવતા હેમલતાબેન રમેશભાઈ કનેરીયા (ઉ.વ.૫૭)એ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. તેમના પગનું ઓપરેશન સફળ નહી થતા તેનાથી કંટાળી અંતિમ પગલું ભરી લીધાનો ઉલ્લેખ સુસાઇડ નોટમાં કરવામાં આવ્યો હતો. આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ હેમલતાબેનને સંતાનમાં બે પુત્રી છે. જેમાંથી મોટી પુત્રી પરિણિત છે અને ૧૫૦ ફુટ રીંગ રોડ પર રહે છે. નાની પુત્રી વડનગરમાં મેડીકલના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. પતિ રમેશભાઈ પીડીયુ નર્સિંગ કોલેજમાં ટ્યુટર હતા જેઓ વર્ષ ૨૦૨૦માં નિવૃત થયા હતા.રમેશભાઈ નાની પુત્રી વડનગરથી આવી હોવાથી ગઈકાલે તેને મુકવા વડનગર રવાના થયા બાદ પાછળથી ઘરે એકલા રહેલા હેમલતાબેને ગળાફાંસો ખાઈ જીંદગી ટુંકાવી દીધી હતી.

બનાવની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી. પોલીસે તપાસ કરતા ઘરમાંથી હેમલતાબેને લખેલી એક નોટ મળી આવી હતી. જેમાં તેમણે લખ્યું હતું કે, મંગલમ હોસ્પિટલના ઓર્થોપેડીક સર્જન વિમલ કોઠારીએ તેના પગનું ગઈ તા.૧૯-૦૩-૨૦૨૧ના રોજ ઓપરેશન કર્યું હતું. તેમણે ખોટું ઓપરેશન કર્યું હતું. આજે ૧૩ મહિના થઈ ગયા છતાં તેના ગોઠણ હજુ પણ દુઃખે છે. તેમને તે ઓપરેશન આવડતું જ ન હતું તો શા માટે કર્યું. બાકી મારે કોઈ દુઃખ નથી. આ સાથે વધુમાં તેઓએ લખ્યું હતું કે, મારી મોટી બેબી અવનીને જીવનમાં દુઃખ છે. તેમને મારા પૈસા જે આવે તે કૃપા અને અવનીને આપશો. અવનીને દુઃખી નહીં કરતા. એક વર્ષથી મારા ઘરવાળા મારી સેવા કરતા હતા. મારૂ પેન્શન આવે તે પણ અવનીને આપશો.ગાંધીગ્રામના ગૌતમનગરમાં મારી બેન રહે છે. નીચે તેના ફોન નંબર લખ્યા છે. મારા ઘરવાળા મારી નાની બેબીને વડનગર મુકવા ગયા છે. તેમનું નામ રમેશ છે. તેમના ફોન નંબર પણ લખ્યા છે. હું મારા દુઃખના હિસાબે જાઉં છું. તેમાં કોઈનો વાંક નથી.

# દુષ્કર્મ આચરનારે પ્રેમજાળમાં ફસાવી યુવતી સાથે લગ્ન કર્યા, બાદમાં ત્રાસ આપતા પતિ સહિતના સાસરિયા સામે ફરિયાદ

### યુવતીએ ત્રાસથી ઘઉંમાં નાંખવાની ઝેરી દવા પી લેતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાઇ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ.તા.૫

ઘરેલુ હિંસાના બનાવો વચ્ચે વધુ એક બનાવની દસ મહિનાથી મવડી ચોકડી પાસે માતા સાથે રહેતી નંદની નામની યુવતીએ અમદાવાદ ચાંદલોડિયા રહેતા પાર્થ પંચાલ, સસરા રાજેન્દ્રભાઇ પંચાલ, સાસુ ગીતાબેન, નણંદ પૂજા, ટીનુ અને પતિનો મિત્ર હિતેશ દર્શલિયા સામે મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

યુવતીની ફરિયાદ મુજબ, પાર્થ પંચાલ સામે ૨૦૧૮ના વર્ષમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. જે કેસ હાલ કોર્ટમાં ચાલુ છે. તે પહેલા પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ પાર્થને જેલહવાલે કરાયો હતો. બાદમાં તે જેલમાંથી છૂટયા બાદ પાર્થે પોતાનો સંપર્ક કરી તે પોતાને પ્રેમ કરે છેનું નાટક કરી ફસાવી હતી. જે પ્રલોભનમાં પોતે ફસાઇ જતા પાર્થે ૨૧-૪-૨૦૨૧ના રોજ અમદાવાદ લઇ જઇ કોર્ટમાં લગ્ન કર્યા હતા.

ત્યાર બાદ લગ્નના એક મહિના પછી જ સાસુ, નણંદ, સસરા, પતિ સહિતનાઓએ ઘરકામ તેમજ કરિયાવર મુદ્દે ઝઘડા કરી ત્રાસ આપવાનું શરૂ કર્યુ હતુ. જેથી આ મુદે પતિ અને સાસરિયાઓને ત્રાસ ન આપવાની વાત કરતા તેઓ કહેતા કે તે પાર્થ સામે બળાત્કારનો કેસ કર્યો છે ને તેનો બદલો લીધો છે. એટલું જ નહિં પતિ પાર્થનો મિત્ર હિતેશ પણ રોજ ઘરે આવી પાર્થને નશાકારક વસ્તુ પીવડાવી પોતાના વિરૂધ્ધ ચડામણી કરી ઘરનું વાતાવરણ ડહોળતો હતો. પતિ અને સાસરીયાઓએ અનહદ ત્રાસ આપતા લગ્નના બે મહિના બાદ માતાને ફોન કરી અમદાવાદ બોલાવ્યા હતા. ત્યારે પાર્થ સહિતનાઓએ માતા સાથે પણ ઝઘડો કરી જયા કેસ કરવો હોય ત્યાં કરી લેજે, પાર્થે તો બળાત્કારનો કેસ નબળો પડી જાય તે માટે જ લગ્ન કર્યા છે, પાર્થ માટે છોકરીઓની લાઇન છેની ધમકી આપી કાઢી મુકયા હતા.

આમ પોતાને યેનકેન પ્રકારે પ્રેમજાળમાં ફસાવી પોતાના પર ત્રાસ ગુજારતા હતા અને તે ત્રાસના વિચારોથી પોતે છેલ્લા બે દિવસથી ભયભીત હોય મરી જવાના ઇરાદે ઘરે જ ઘંઉમાં નાંખવાની ઝેરી દવા પી લીધી હતી. માતાને ખબર પડતા તુરંત પોતાને સારવાર માટે હોસ્પિટલ લઇ ગયા હતા. જયાં પતિ સહિતના સાસરિયા સામે ફરિયાદ નોંધાવી છે.

# રાજકોટ ક્રાઈમ

## જાહેરમાં સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

રાજકોટના મોટી ટાંકી ચોકથી જીમખાના તરફ જવાના રસ્તે મોદી હોસ્પિટલ સામેના રોડ પરથી ધ્રોલના વતની જયેન્દ્રસિંહ હરદેવસિંહ ઝાલાને ક્રિકેટ મેચ પર સટ્ટો રમતાં પ્રદ્યુમનનગર પોલીસે પકડી પાડ્યો હતો. તેના મોબાઇલ ફોનમાં રોબર્ટ ૯૯૯ નામની આઇડી હોઇ તેમાં તે આઇપીએલના ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સની ટીમના મેચ પર જૂગાર રમતો હતો. તેની પાસેથી રોકડા રૂા. ૧૩૦૦, મોબાઇલ ફોન મળી ૧૬૩૦૦નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. પકડાયેલ આરોપીએ ઓનલાઇન સટ્ટો રમવા આઇડી કોની પાસેથી લીધી તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

## યુવકનો ગળાફાંસો ખાઇ આપઘાત

રાજકોટના ૧૫૦ ફુટ રીંગ રોડ પર ઉમિયા ચોક પાસે દ્વારકાધીશ-૩માં આવેલા ગંગા જમુના સરસ્વતિ એપાર્ટમેન્ટ ફ્લેટ નં. ૧૦૪ માં રહેતાં અને દવાની કંપનીમાં એમઆર તરીકે કામ કરતાં વિજયભાઇ અશ્વિનભાઇ જસાણી (ઉ.વ.૩૦) નામના યુવાને પંખાના હુકમાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. આપઘાતનું કારણ બહાર આવ્યું ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી છે.

## બોગસ તબીબની ધરપકડ

રાજકોટ શહેરમાંથી વધુ એક બોગસ તબીબની ધરપકડ કરવામાં આવી છે. શહેર એસઓજી પોલીસ દ્વારા લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા બોગસ તબીબની ગોંડલ રોડ પર કોઠારીયા સોલવંટ વિસ્તારમાંથી ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે મેકરણ સુરુ નામના બોગસ તબીબની ધરપકડ કરી મેડિકલના સાધનો તેમજ દવા ઇન્જેક્શન જથ્થા સાથે ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપી પાસેથી કુલ ૫૪૦૯ નો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

## વિદેશી બનાવટી સિગારેટનો જથ્થો પકડાયો

રાજકોટ શહેરમાંથી પોલીસે વિદેશી બનાવટની સિગરેટના જથ્થા સાથે એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, અક્ષર માર્ગ પર શિવ પાન એન્ડ કોલ્ડ્રીંક નામની દુકાનમાં વિદેશી બનાવટની સિગરેટ રાખવામાં આવી છે જે આધારે રેડ કરી પોલીસે ૯૦૦થી લઇ ૧૦,૦૦૦ રૂપિયા કિંમતની અલગ અલગ ૧૦ કંપનીના ૧૪૭ સિગરેટના પેકેટ કબ્જે કરી આરોપી નિલેશ કેસરિયા પાસેથી કુલ ૩૮,૬૫૦નો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# માણેકવાડા ગામે મંગળવારથી ધાર્મિક ઉત્સવ



**(ગોવિંદ હડિયા દ્વારા)**
કેશોદ,તા.૫

કેશોદ તાલુકાના માણેકવાડા ગામે આવેલ માલબાપાનું મંદિર સૌરાષ્ટ્ર ભરમાં સુપ્રસિદ્ધ છે, જ્યાં માલબાપા મંદિર ટ્રસ્ટ તથા માણેકવાડા ગામ સમસ્ત આયોજીત શ્ચીમાલબાપા નાગદેવતાની પુનઃ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા તથા શીવજી મંદિરના જીર્ણોદ્ધાર નિમિતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે, આગામી તા.૧૦ના સાંજે હેમાંદ્રી શ્રવણ, તા.૧૧ સવારે દેવ પુજન અમરણીમંથનની અગ્નિ સ્થાપન તા.૧૨ સવારે શોભાયાત્રા તા.૧૩ બપોરે પ્રાણ પ્રતિષ્ઠા બીડુ હોમ, સાજે ભોજન પ્રસાદી તથા રાત્રીના લોક ડાયરાનૂ આયોજન કરવામાં આવનાર છે.

જેમાં લોક સાહિત્યકાર દેવાયત ખવડ સંતવાણી કલાકાર બિરજુ બારોટ સંતવાણી કલાકાર ઉર્વશી રાદડીયા વગેરે કલાકારો લોક ડાયરો રજૂ કરશે.(૫)

### અખીલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના દ્વારા

# થેલેસેમિયા પીડિત બાળકો સાથે 'થેલેસેમિયા-ડે' ઉજવાશે

### રવિવારે થેલેસેમિયા પીડિત બાળકો અને તેના પરિવારને આમંત્રણ




**(નટવરલાલ ભાટીયા દ્વારા)**
રાજકોટ, તા.૫

રાજકોટ અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના (રાજકોટ) દ્વારા થેલેસેમિયા પીડિત બાળકો તેમજ તેમના પરિવાર માટે 'થેલેસેમીયા-ડે' આગામી તા.૮ ને રવિવાર, સાંજે જય જીતુલભાઈ કોટેચા પરીવારના સંપૂર્ણ સાથે સહયોગ અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના દ્વારા થેલેસેમિયાનો ભોગ બનેલા કુમળા ફૂલ જેવા થેલેસેમિયા પીડિત બાળકો તેમજ તેમના સમગ્ર પરિવાર માટે થેલેસેમીયા-ડે પર સાંજે ૫ થી ૮ કલાકે લોક વિજ્ઞાન કેન્દ્ર, બાલભવનની બાજુમાં, આર્ટ ગેલેરીની સામે, રેસકોર્ષ, રાજકોટ ખાતે આનંદોત્સવ તથા તમામ થેલેસેમિયા પીડિત બાળકો તથા તેમના પરિવારજનો માટે ભોજન સમારોહનું પણ આયોજન કરાયું છે. આ કાર્યક્રમના બધા થેલેસેમિયા પીડિત બાળકોને આમંત્રણનાં સરક્યુલર મોકલાય ગયા છે છતાં કોઈને કોઇ કારણસર ન મળ્યા હોય તો પણ આ કાર્યક્રમમાં સૌ થેલેસેમિયા બાળકોને પરિવાર સહ સમયસર ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ અપાયું છે. લોકવિજ્ઞાન કેન્દ્રના ડો. રમેશભાઈ ભાયાણી કે જેમણે પોતાનું સમગ્ર જીવન આ બાળકોની સેવામાં સમર્પિત કર્યું છે. તેઓ પણ સતત આ આયોજનમાં સહકાર આપી રહ્યા છે. સમગ્ર આયોજન અંગે અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના રાજકોટનાં પ્રમુખ મિતલ ખેતાણી, થેલેસેમિયા સમિતીના અધ્યક્ષ જીતુલભાઈ કોટેચા, ડો. રમેશભાઈ ભાયાણી, જનકભાઈ કોટક, ભરતભાઈ કોટક, દિપકભાઈ રાજાણી, ગૌરાંગભાઈ ઠકકર, નલીનભાઈ તન્ના, ચંદુભાઈ રાયચરા, સંજયભાઈ કકકડ અને કનભાઈ હિંડોચા, સુરેશભાઈ બાટવીયા, હિતેષભાઈ ખખ્ખર, દીપાબેન જીતુલભાઈ કોટેચા, જયના કોટેચા, ધર્મેશભાઈ કકકડ, બાલાભાઈ સોમૈયા, ચેતનભાઈ ગણાત્રા, રાજેશભાઈ કારીયા, મનુભાઈ મીરાણી, ધીરેન્દ્રભાઈ કાનાબાર, કિરીટભાઈ કેસરીયા, દિપેનભાઈ ઠકકર, સ્મિત રાજવીર, યુવા પાંખના અધ્યક્ષ હિરેન વડેરા તથા પાર્થ ધામેચા, મિત્સુ ઠકરાર, સાગર તન્ના, દિપન ઠકકર, ગૌરવ બોદાણી સહિત જહેમત ઉઠાવી રહ્યા છે. વિશેષ માહિતી માટે અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના પ્રમુખ મિતલ ખેતાણી (મો.નં. ૯૮૨૪૨ ૨૧૯૯૯), જીતુલભાઈ કોટેચા (મો.૯૩૭૪૧ ૫૪૦૦૦) તથા વિવેકાનંદ યુથ કલબનાં અનુપમભાઈ દોશી (મો.નં. ૯૪૨૮૨ ૩૩૭૯૬) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.(૧૩)

# ગઢકા મુકામે પાબારી પરિવારના માતાજી તથા સુરાપુરા દાદા મંદિરે હવન, પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા અને નિવેદનું આયોજન



**(દિવ્યેશ જટણીયા દ્વારા)**
મીઠાપુર, તા.૫

દેવભૂમિ દ્વારકા જીલ્લાના કલ્યાણપુર તાલુકાના ગઢકા ગામે તા.૬ને શુક્રવારનાં રોજ પાબારી પરિવાર કુળદેવી માતાજીના મંદિરની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા સવારે ૯.૩૦વાગ્યે પ્રારંભ થશે. તા.૭ને શનિવારના રોજ બપોરે ૧. વાગ્યે બીડું હોમાશે, સમસ્ત પાબારી પરિવારોને ભાવભર્યુ આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંગેની વધુ માહિતી માટે મહેન્દ્રભાઈ ભુવા મો. ૭૦૪૧૪ ૦૦૩૮૭, મનસુખલાલ દ્વારકા મો. ૮૯૮૦૭ ૨૫૦૦૦ અને મુકેશભાઈ ગઢડા મો. ૭૫૬૭૯ ૩૬૫૪૬નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# વોર્ડ નં.૧૬ અને ૧૮માં અસંગઠિત કામદારો માટે ઈ-શ્રમ કાર્ડનો કેમ્પ યોજાયો

### ૪૦૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૫

મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૬ તથા ૧૮ માં શ્રમ રોજગાર વિભાગ મારફત અસંગઠિત ક્ષેત્રે કામ કરતા કામદારોને ઈ-શ્રમ કાર્ડ માટે કોઠારીયા ગામ, સુરભી સોસાયટી, આંગન રેસીડન્સી, રામ પાર્ક, ગોવિંદનગર, કેદારનાથ સોસાયટી, સૂર્યોદય સોસાયટીમાં આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૪૦૦થી વધુ લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ હતો

આ કાર્યક્રમ માટે શ્રમ રોજગાર વિભાગના માધ્યમથી ઈ-શ્રમ કાર્ડ કોમન સર્વિસ સેન્ટરનાં ઓપરેટર મારફત કાઢી આપવા વ્યવસ્થા કરી આપવામાં આવેલ હતી.આ કેમ્પને સફળ બનાવવા માટે આસિસ્ટન્ટ મેનેજર કે.ડી.વાઢેરનાં માર્ગદર્શન હેઠળ સીનીયર સમાજ સંગઠક જે.એલ.વ્યાસ, NULM સમાજ સંગઠક મનીષાબેન ગોહિલ તથા સોનલબેન ગોહિલ સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

# સ્વ.વર્ષાબેન બારોટની સ્મૃતિમાં રકતદાન શિબિર યોજાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ,તા.૫

શહેરના ઉપલાકાંઠા વિસ્તારમાં રહેતા સ્ટેટ બેંકમાં ફરજ બજાવતા મોહનભાઈ બારોટ પરિવાર દ્વારા સ્વ. વર્ષાબેનની પૂણ્ય સ્મૃતિમાં થેલેસેમિયા પીડિત બાળકોના લાભાર્થે પ્રથમ પૂણ્યતિથિ રકતદાન જનજાગૃતિ પ્રચાર-પ્રસાર સમિતિના સહયોગથી ફિલ્ડ માર્શલ બ્લડ બેંકના સથવારે પેડક રોડ પર આવેલ ગ્રામ લક્ષ્મી સોસાયટીમાં સવારના ૯ થી બપોરના ૧ વાગ્યા સુધી રકતદાન શિબિર યોજવામાં આવેલ.

૫૧ લોકોએ રકતદાન કર્યુ હતું. મોહનભાઈ બારોટ પરિવાર દ્વારા દરેક રકતદાતાઓ માટે નાસ્તો,કોફી બીસ્કીટનીવ્યવસ્થા કરવામાં આવેલ અને રકતદાતાઓને પ્રોત્સાહિત કરવા પરિવાર તરફથી સ્મૃતિ ભેટ આપવામાં આવેલ તેમ જણાવ્યું છે.

OM CATRERS
Best Food For All Occassion
Call: 98251 51818 / 97144 53898
Web: www.omcaterersrajkot.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
ADVERSITING HERE
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટ્યૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઈનના 5 Rs. +5%GST
મિનિમમ ૫ લાઈન ફરજીયાત
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426



# તંત્રી સ્થાનેથી...

## ઉત્પાદક્તા પર અસર

નવી દિલ્હીઃ ઉનાળો વહેલો શરૂ થતાં પાકની ઉત્પાદક્તા પર અસર થતાં કેન્દ્ર સરકારે ૨૦૨૧-૨૨ માટે ઘઉંના ઉત્પાદનનો અંદાજ ૫.૭ ટકા ઘટાડી ૧૦૫ મિલિયન ટન કર્યો છે. અગાઉ ૧૧૧.૩૨ મિલિયન ટન ઘઉં ઉત્પાદિત થવાનો અંદાજ મૂક્યો હતો. ખાદ્ય સચિવ સુધાંશુ પાન્ડેએ જણાવ્યા પ્રમાણે, આ વખતે ઉનાળો વહેલો શરૂ થતાં ઘઉંના ઉત્પાદન ઘટી ૧૦૫ મિલિયન ટન રહેવાનો અંદાજ છે. અગાઉ ૨૦૨૦-૨૧ના પાક વર્ષમાં ૧૦૯.૫૯ મિલિયન ટન ઘઉં ઉત્પાદિત થયા હતા.

જો કે, ઘઉંની નિકાસો પર કોઈ નિયંત્રણો લાગૂ કરવામાં આવ્યા નથી. સરકાર દ્વારા ઘઉંની ખરીદી માર્કેટિંગ વર્ષ (એપ્રિલ-માર્ચ) ૨૦૨૨-૨૩માં ઘટી ૧૯.૫ મિલિયન ટન થવાની શક્યતા છે. અમુક રાજ્યોમાં ઘઉંની બજાર કિંમત લઘુત્તમ ટેકાના ભાવ કરતાં વધુ હોવાથી, તેમજ ખેડૂતો અને અમુક રાજ્યોમાં અંદાજ કરતાં નીચા ઉત્પાદનના કારણે ભાવ વધવાના આશાવાદ સાથે વેપારીઓ દ્વારા સ્ટોક વધારવામાં આવતા ઘઉંની સરકારી ખરીદી ઘટવાની સંભાવના છે. સરકારે મફત રાશન યોજના અંતર્ગત રાજ્યોમાં ઘઉંના બદલે ૫૫ લાખ ટન ચોખાની ફાળવણી કરી છે. કોરોના વાયરસ મહામારીના કારણે સર્જાયેલી અફરાતફરીમાં આર્થિક સહાયના ભાગરૂપે નેશનલ ફૂડ સિક્યુરિટી એક્ટ અંતર્ગત સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના શરૂ કરી ૮૦ કરોડ લોકોને મફત અનાજ આપી રહી છે. ભારતીય રસોઈનો અનિવાર્ય હિસ્સો ગણાતા જીરાનો ભાવ પાંચ વર્ષની ટોચે પહોંચ્યા છે. ભારત જ નહિં વિશ્વભરમાં કાળા મરી બાદ જીરૂ બીજા ક્રમનો લોકપ્રિય મસાલો છે. વિશ્વનું ૭૦ ટકા જીરૂ ભારતમાં ઉત્પાદિત થાય છે. પરંતુ કમોસમી વરસાદના કારણે વાવેતરમાં ઘટાડાને કારણે ઉત્પાદન ૩૫ ટકાથી વધુ ઘટ્યુ છે. ઊંઝા માર્કેટમાં માર્ચમાં જીરાની આવક ૬૦ ટકા ઘટી હતી. પરિણામે એપ્રિલમાં ભાવ ૭૨ ટકા સુધી વધ્યા છે. મહિનામાં જ જીરાનો ભાવ ૨૦ ટકા વધ્યો છે. માર્ચમાં જીરૂ રૂ. ૧૭૫-૧૮૦ પ્રતિ કિગ્રા મળતુ હતું.

# ભારતીય દુનિયામાં ગમે ત્યાં જાય પૂરી ઈમાનદારીથી પોતાનું યોગદાન આપે છે : મોદી



(એજન્સી સમાચાર)

કોપેનહેગન,તા.૫

ડેનમાર્કના પ્રધાનમંત્રી મેટે ફ્રેડરિક્સને લોકોને સંબોધિત કર્યા અને ભારતની સાથે મિત્રતાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, બધા ભારતીયોનો આભાર જે ડેનમાર્કમાં રહે છે અને અહીંના સમાજમાં પોતાનું મહત્વનું યોગદાન આપી રહ્યાં છે. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે કોરોનાને કારણે ઘણા સમય સુધી જીવન વર્ચ્યુઅલ મોડમાં ચાલી રહ્યું હતું. હવે ઓનલાઇનથી આપણે ઓફલાઇન જવાનું છે અને હકીકત એ છે કે ઓફલાઇન જ ઓનલાઇન છે. પાછલા વર્ષે જ્યારે અવરજવર શક્ય બની તો પીએમ ફ્રેડરિક્સન પ્રથમ હેડ ઓફ ગવર્નમેન્ટ હતા, જેમનું અમને ભારતમાં સ્વાગત કરવાનો અવસર મળ્યો. આ ભારત અને ડેનમાર્કના મજબૂત સંબંધોને દર્શાવે છે. આજે જે ચર્ચા થઈ છે, તેનાથી બંને દેશોના સંબંધોને નવી તાકાત મળશે.

પીએમ મોદીએ કહ્યુ કે એક ભારતીય દુનિયામાં ગમે ત્યાં જાય તો તે પોતાની કર્મભૂમિ અને તે દેશ માટે ઈમાનદારીથી પોતાનું યોગદાન આપે છે. અનેકવાર જ્યારે મારી વર્લ્ડ લીડર્સ સાથે મુલાકાત થઈ તો તેમના દેશોમાં રહેતાં ભારતીયોની સિદ્ધિઓ વિશે તે ગર્વથી જણાવે છે. તે માટે ધન્યવાદના હકદાર તમે બધા લોકો છે. જે શુભેચ્છા મને મળે છે તે હું તમને સમર્પિત કરુ છું. ભારતીય સમુદાયની કલ્ચરલ વિવિધતા એવી તાકાત છે જે અમને દરેક ક્ષણે જીવંત રહેવાનો અનુભવ કરાવે છે.

# ભાવનગરમાં કૂવામાં પડી જતા બાળકનું મોત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ભાવનગર,તા.૫

ભાવનગર શહેરમાં આવેલ કાળુભા રોડ પના પંચકુટીર ફ્લેટના સાત માળ પર રહેતા નિરંજનભાઇ શાહ પુત્ર આરુષ નિરંજનભાઇ શાહ ઉં.વ.૧૦ સર. ટી. હોસ્પિટલ પાસે આવેલ અનુપમ બંગલોઝ માં કોઈ પ્રસંગમાં હાજરી આપવા માટે ગયો હતો .દરમિયાનમાં ફળિયામાં આરુષ રમતો હતો ત્યારે અચાનક ૯૦ ફૂટ ઊંડા કૂવામાં પડી ગયો હતો બાળક કૂવામાં પડતાની સાથે હરેશભાઈ નામના વ્યક્તિએ ફાયર બિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડ તત્કાલ સ્થળ પર પહોંચ્યું હતું અને કૂવામાં પડી ગયેલા૧૦ વર્ષીય આરુષ ને દોરડા અને મીંદડીની મદદથી બહાર કાઢી ફાયર અધિકારી કારમાં ખાનગી દવાખાનામાં ખસેડયો હતો પરંતુ ખાનગી દવાખાનામાં આરૂષનું મોત નિપજયું હતું. આ બનાવથી વણિક પરિવારમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી.


# ગુજરાતમાં ઉનાળુ વાવેતરમાં સૌરાષ્ટ્ર બીજા ક્રમે

**રાજ્યમાં મુખ્યત્વે મગ, મગફળી, તલ, બાજરીના બીજ રોપાયા : કુલ વાવેતર ૧૨૫.૩૦ ટકા**

રાજકોટ તા. ૫ :

ગુજરાતમાં મુખ્યત્વે ખરીફ (ચોમાસુ) અને રવિ (શિયાળુ) પાક લેવામાં આવે છે. જ્યાં પાણીની સુવિધા હોય તેવા વિસ્તારોમાં ખેડૂતો ટુંકા ગાળાનો ઉનાળુ પાક પણ લ્યે છે. ઉનાળુ વાવણી ફેબ્રુઆરીથી એપ્રિલ સુધી થાય છે. આ ખેત ઉપજ મે જૂનમ) બજારમાં આવી જાય છે. રાજ્યમાં આ વર્ષે ૧૧,૨૫,૭૦૪ હેકટરમાં ઉનાળુ વાવેતર થયું છે. તે ટકાવારીની દષ્ટિએ ૧૨૫.૩૦ ટકા જેટલું થાય છે. ગયા વર્ષ કરતા આ વર્ષે ૮૪૬૦૩ હેકટરમાં વધુ વાવેતર થયું છે.

ઉનાળુ વાવેતરનો સમયગાળો પૂરો થઇ ગયો છે. સરકારી આંકડા સામે



આવી ગયા છે. તા. ૨ મેની સ્થિતિએ કચ્છમાં ૨૮૮૦૦, ઉત્તર ગુજરાતમાં ૪૧૮૬૦૦, મધ્ય ગુજરાતમાં ૨૩૬૫૦૦, સૌરાષ્ટ્રમાં ૩૫૭૦૦૦ અને દક્ષિણ ગુજરાતમાં ૮૪૮૦૦ મળી કુલ ૧૧,૨૫,૭૦૦ હેકટરમાં વાવેતર થયું છે. ઝોન વાઇઝ આંકડાઓ જોતા ઉત્તર ગુજરાત પ્રથમ ક્રમે અને સૌરાષ્ટ્ર બીજા ક્રમે છે.ઉનાળામાં મુખ્યત્વે મગફળી, મગ, તલ અને બાજરી તથા ઘાસચારાનું અને શાકભાજીનું વાવેતર કરવામાં આવ્યું છે જે તે વિસ્તારની જમીન સહિતની બાબતોને ધ્યાને રાખીને ખેડૂતો વાવેતરનો પ્રકાર પસંદ કરે છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૬૯,૬૦૦ હેકટરમાં વાવેતર ભાવનગર જિલ્લામાં થયું છે. સૌથી ઓછું માત્ર ૭૬૦૦ હેકટરમાં વાવેતર બોટાદ જિલ્લામાં થયું છે. સૌરાષ્ટ્રમાં મુખ્યત્વે મગ, મગફળી અને તલનું વાવેતર છે. આખા રાજ્યમાં સૌથી વધુ બાજરી બનાસકાંઠા જિલ્લામાં ૧,૬૧,૫૦૦ હેકટરમાં વાવવામાં આવી છે. મોટાભાગના ખેડૂતો હવે સારા ચોમાસાની આશા સાથે ખરીફ પાકની વાવણીની પૂર્વ તૈયારીમાં લાગ્યા છે.

# જેતપુરમાં ગેરકાયદેસર ગેસ રીફીલીંગ કરતો રાજસ્થાની સગીર ઝડપાયો

**રૂરલ એલસીબીએ દરોડો પાડી ગેસના સીલીન્ડર-૮, વજનકાંટો મળી રૂા. ૧૬ હજારનો મુદામાલ જપ્ત કર્યો**

રાજકોટ,તા. ૫

જેતપુરમાં ભાદર સામાકાંઠે જય બજરંગ ગેસ સર્વિસ નામની ભાડાની ઓરડીમાં ગેરકાયદેસર ગેસ રીફીલીંગ કરતો રાજસ્થાની સગીરને ગેસના સિલિન્ડર-૮, ગેસની નળી, વજનકાંટો સહિતના રૂા. ૧૬ હજારના મુદામાલ સાથે રુરલ એલસીબીની ટીમે બાતમીના આધારે દબોચી જેતપુર સિટી પોલીસમાં ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.બનાવની વિગત અનુસાર રુરલ એલસીબી પીઆઈ અજયસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ નિલેષભાઈ ડાંગર અને કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ સુવા સ્ટાફ સાથે જેતપુર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે જેતપુરમાં ભાદર નદીના કાંઠે પ્રકાશ ચોક પાસે આવેલ જય બજરંગ ગેસ સર્વિસ નામની ઓરડીમાં ગેરકાયદેસર રીતે ફાયર સેફ્ટીના સાધનો રાખ્યા વગર ગેસ રીફીલીંગનું સળગી ઉઠે તેવી રીતે બેદરકારીથી કામ ચાલુ હોવાની બાતમી મળતા સ્થળ પર જઇ ઓરડીમાં સગીર વયનો તરૂણ ગેસ રીફીલીંગનું કામ કરતો જોવા મળતા કામ બંધ કરાવી સગીરને અટકમાં લઇ વધુ પુછપરછ કરતાં તે મુળ રાજસ્થાનનો રહેવાસી છે.

તેમને ઓરડી ભાડેથી રાખી ગેસની એજન્સીના ફેરા કરતા રીક્ષાવાળાઓ પાસેથી ગેસના બાટલા લઇ રીફીલીંગનું કામ ચાલુ કર્યું હતું. આરોપી સગીર પાસેથી કોઇપણ જાતના પાસ-પરમીટ વગરના ગેસના કોમર્શિયલ સિલિન્ડર નંગ-૪ રૂા. ૧૦ હજાર, નાના સિલિન્ડર નંગ-૪ રૂા. ૪ હજાર અને ગેસના બાટલાની નળી,વજનકાંટો સહિતના મુદ્દામાલ મળી



રૂા. ૧૬ હજારનો મુદ્દામાલ જપ્ત કરી જેતપુર સીટી પોલીસમાં ગુનો નોંધવા તજવીજ હાથ ધરી હતી.

# સ્વ.ધર્મેશભાઈ લાડવાની સ્મૃતિમાં રકતદાન શિબિરનું આયોજન



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

હર હંમેશ આફતગ્રસ્ત લોકોને મદદ કરવા તત્પર રહેતા , સ્વભાવે મિલનસાર સિનિયર વકિલ ધર્મેશભાઈ બી . લાડવા નું ગયા વર્ષે કોરાના ની બીજી ધાતક લહેરમાં સંક્રમિત થઈ જતાં અવસાન થયેલુ.

તેમના ધર્મપત્ની હેતલબેન અને પુત્ર કર્તવ્ય લાડવા એ ધર્મેશભાઈ ની સ્મૃતિમાં સમાજ સેવા કરવાનો એક સદસંકલ્પ કરેલો એ નિમિતે રાજકોટ ના તેમના વકિલ મિત્રો ના ગ્રૃપે જરૂરતમંદ ગરીબ દર્દીઓને સિવિલ હોસ્પિટલ માંથી વિના મૂલ્ય રકત મળી રહે એ હેતુ માટે તા.૮ ને રવિવાર ના રોજ રાજકોટ ની પેસિફીક હાઈટ ની બાજુમાં રૈયા રોડ પર આવેલ ન્યુ એરા સ્કૂલ માં રકતદાન શિબિર ( બ્લડ ડોનેશન કેમ્પ ) સવારે ૯ વાગ્યા થી બપોરે ૧ વાગ્યા દરમિયાન યોજવામાં આવેલ છે.

શહેર ની શાન કહી શકાય એવો રાજકોટમાં નિયમિત રકતદાન કરતા રકતદાતાઓનો એક મોટો સમૂહ છે.એમાં યુવાદાતાઓનો વર્ગ સૌથી અગ્રેસર છે . આ યુવામિત્રોને જાહેર અપીલ છે કે આ રકતદાન શિબિરમાં રકતદાન કરવા જરૂરથી આગળ આવે . સમાજ સેવાના ઉમદા ઉદ્દેશ્ય માટે ન્યુ એરા સ્કૂલના નિયામક અજયભાઈ પટેલે પોતાની સ્કુલના એ . સી . વર્ગખંડો તેમજ અન્ય સુવિધાઓ નિ:શુલ્ક ઉપલબ્ધ કરી આપેલ છે . રકતદાન શિબિરના સમગ્ર આયોજનને સફળ બનાવવા સિનિયર એડવોકેટ હેમંતભાઈ ભટ્ટ , એડવોકેટ દિવ્યેશભાઈ કલોલા , એડવોકેટ મેહુલભાઈ ઝાપડા અને મનીષભાઈ અને અંબરીષભાઈ ટાંક જહેમત ઉઠાવી રહયા છે.

પુણ્યશ્લોક ધર્મેશભાઈ લાડવા ગુજરાતના રાષ્ટ્રપતિ સન્માનિત વરિષ્ઠ કલાકાર અને પ્રાધ્યાપક ભૂપતભાઈ લાડવા ના સુપુત્ર છે.

### ૩૭૮ શ્રમિક ભાઈઓ-બહેનો એ ‘આપ’ની વિચારધાર સ્વીકારી

# આમઆદમી પાર્ટી દ્વારા શ્રમિકોનું સફળ મહાસંમેલન

### સતવારા સમાજનાં અગ્રણીઓ સહિતનાં લોકો મોટી સંખ્યામાં આમઆદમી પાર્ટીમાં જોડાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

આમ આદમી પાર્ટી - રાજકોટની શાખા શ્રમિક વિકાસ સંઘ દ્વારા બાંધકામ વ્યવસાય તેમજ છુટક વ્યવસાય સાથે જોડાયેલા શ્રમીકોનું મહાસંમેલન પ્રમુખ વાલજીભાઈ કણઝારીયાના નેતૃત્વમાં હોટેલ મિન્ટ, એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે યોજાયું હતુ.

જેમાં વિવિધ કણઝારીયા ક્ષેત્રના અને સમાજના ભાઈઓ - બહેનો આમ આદમી પાર્ટીની વિચારધારાને સ્વીકારીને ૩૭૮ ભાઈઓ - બહેનો આમ આદમી પાર્ટીમાં જોડાયેલ હતા. આ જનસભામાં ખાસ ઉપસ્થિતિ સતવારા સમાજના અગ્રગણ્ય વિનુભાઈ ગુજરાતી, કાળુબાપા તથા અશોકભાઈ પરમાર તેઓની ટીમ સાથે આશરે બાવીસ લોકો ઉપસ્થિત રહીને પાર્ટીનો ખેસ ધારણ કરેલ હતો. તેમ જાવેદભાઈ મકરાણી ૪૮ લોકીની ટીમ સાથે, અલ્કાબેન સોલંકી, ૩૨ મહિલાઓની ટીમ સાથે, તેમજ વિવિધ તમામ વોર્ડ માંથી પણ લોકો પાર્ટીમાં જોડાયેલા હતા.

આ કાર્યક્રમમાં રાજકોટ શહેર અધ્યક્ષ શિવલાલ પટેલ દ્વારા સ્વાગત પ્રવચન કરીને સર્વેને આવકારેલ, ગુજરાત સંગઠન મંત્રી રાજભા ઝાલા દ્વારા ઉપસ્થિત જન સમુદાયને માનવીની પાયાની જરૂરીયાતો અને દિલ્હી સરકાર જે રીતે પુરી પાડે તે સંપૂર્ણ માહિતી અને આગામી કેજરીવાલજી રાજકોટ પધારે છે તેમાં ઉપસ્થિત રહેવા જણાવેલ હતું. પ્રદેશ સંગઠન મંત્રી અજીતભાઈ લોખીલ ગુજરાત સરકારની ઘણી યોજનાઓમાં સામાન્ય માણસને શું અસર કરે અને તેના શુ લાભ મળે તેમજ શ્રમિકોની પાયાની જરૂરીયાત અને સુરક્ષા અંગે આમ આદમી પાર્ટીનું વલણની ગુજરાત અને પંજાબ સરકારના કામો સાથે જણાવેલ અને ઉપસ્થિત તમામ લોકોને આમ આદમી પાર્ટીમાં જોડાવવા માટે ૯૭૦૦૨ ૯૭૦૦૨ ઉપર ફોન કરવાનું જણાવેલ હતું (૫)

# સુરતના ઈશનપોર ગામના તમામ લોકો ઘરમાં તાળાં લગાવી પશુઓ સાથે જંતરયાત્રામાં જોડાયા

**ગ્રામજનો નીરોગી અને સુખી સંપન્ન થાય તેવી પ્રાર્થના કરીઃ જૂની પરંપરાને ગ્રામજનોએ વર્ષો બાદ ફરી યથાવત રાખી**



સુરત :જિલ્લાના ઓલપાડ તાલુકાના ઈશનપોર ગામ ખાતે અખાત્રીજના દિવસે જંતરયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આશરે ૧૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામમાં તમામ લોકો ઘરમાં તાળાં લગાવી પશુઓ સાથે ગામ બહાર નીકળી ગયાં હતાં. ગામમાં રેહેતા તમામ લોકો નીરોગી અને સુખી સંપન્ન થયા અને આયુષ્ય વધે તે માટે વર્ષો પછી ફરી વાર યાત્રા કાઢવામાં આવી હતી.

કોરોના સાથે ગામમાં અપમૃત્યુની ઘટના અટકે તે માટે ગામનાં દરેક શેરી-મહોલ્લાના નાકે વાંસની લાકડી અને નાળિયેર સાથે જંતર લટકાવવામાં આવે છે અને જેના નીચેથી ગ્રામજનો ગામની બહાર જાય છે. આ પરંપરાને ગ્રામજનોએ વર્ષો બાદ ફરી યથાવત રાખી હતી.ઓલપાડના ઈસનપોર ગામ ખાતે ૩૫ વર્ષ પહેલાં રોગચાળો સહિત આકસ્મિક મૃત્યુની ઘટનામાં વધારો નોંધાતા ગ્રામજનો ભયભીત થયાં હતાં ત્યારે કરજણના પલેખા કસ્ટભંજન હનુમાનજી મંદિરે જઈને ગામની રક્ષા માટે સંતો-મહંતો પાસે પ્રાર્થના કરવા સાથે આપેલી જંતર ગામના પ્રવેશદ્વાર પર લગાવી ધાર્મિક નિયમોનું પાલન કરી વિધિ કરવા કહેતાં ગ્રામજનોએ વિધિ સાથે જંતરયાત્રા કાઢતાં ગ્રામજનો નીરોગી અને સુખી થતાં યાત્રા કાઢતા થયા હતા.

આ યાત્રા ૧૯૮૬ માં શરૂ થઇ હતી ત્યારબાદ કોઇ કારણસર થોડા વર્ષોથી બંધ થઇ ગઈ હતી.પરંતુ હાલની સ્થિતિએ કોરોના મહામારી અને અપમૃત્યુના કેસમાં ઉછાળો જોવા મળતા ગામના આગેવાનો અને વડીલોના આગ્રહથી યુવનોના સહિત તમામ લોકોના સહયોગથી ફરી યાત્રા નીકળી હતી જેમાં ગ્રામજનોના નીરોગી આયુષ્યની પ્રાર્થના કરવામાં આવી હતી.

ગામના બાળકોથી માંડી વૃદ્ધો સહિતના ગામમાં આવેલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે એકઠા થયા હતા અને વર્ષો બાદ ફરી થયેલી જંતરયાત્રામાં સ્વયંભૂ જોડાયા હતા. એટલું જ નહી જંતરયાત્રા પૂર્ણ થયા બાદ તમામ લોકોએ હવેથી દર વર્ષે અખાત્રીજના દિવસે જંતરયાત્રાનું આયોજન કરવાનો પણ સંકલ્પ લીધો હતો બાદમાં ગ્રામજનોએ એક સાથે સમૂહ ભોજન લઈ ઇષ્ટદેવની પ્રાર્થના કરી ઘરે ગયા હતા.

# કચ્છમાં પર માછીમાર યુવાનો બન્યા ઈલેકટ્રીશયન

### વિવિધ સ્કીલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પાસ કરી સ્થાનિક યુવાનો રોજગારીની તકો વધારી





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ભુજ તા.૫

કચ્છના મુન્દ્રામાં આધુનિક સ્કીલસેટ ધરાવતા યુવકોની સંખ્યા વધી રહી છે. અહીંના માછીમાર યુવકો અદાણી ફાઉન્ડેશન અંતર્ગત ચાલતા સ્કીલ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ પાસ કરી રોજગારીની તકો વધારી રહ્યા છે. તાજેતરમાં આસિસ્ટન્ટ ઇલેક્ટ્રિશિયનની નોકરીની માટે તાલીમ પામેલા ૫૨ વિદ્યાર્થીઓને કૌશલ્ય પ્રશિક્ષણ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ યુવકો કૌશલ્ય આધારિત પ્રાપ્ત કરેલા પ્રમાણપત્રના થકી વિવિધ કંપનીઓમાં રોજગારી પ્રાપ્ત કરવા સક્ષમ બન્યા છે.

મુન્દ્રાના અદાણી હાઉસ ખાતે સક્ષમ અંતર્ગત ચાલતા પ્રોજેક્ટ પપ્રગતિથ ની બેચ - ૧ ની સફળતાપૂર્વક પૂરી કરનાર યુવાનોને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે આયોજીત કાર્યક્રમમાં ૬૦ તાલીમાર્થીઓને તાલીમ કીટ આપીને નવી બેચ-૨ લોન્ચ કરવામાં આવી હતી. ઉત્તીર્ણ થયેલા સક્ષમ માછીમાર યુવકો યોગ્ય રોજગારી મેળવતા તેમનું તથા સંલગ્ન સમાજના જીવનધોરણમાં સુધારો થશે. વિદ્યાર્થીઓએ આ તક પૂરી પાડવા બદલ અદાણી ફાઉન્ડેશન પ્રત્યે હૃદયસ્પર્શી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.આ પ્રસંગે અદાણી ગ્રૂપના ચીફ હ્યુમન રિસોર્સ ઓફિસર વિક્રમ ટંડન, અદાણી ફાઉન્ડેશનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર વસંત ગઢવી તેમજ એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રક્ષિત શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તમામ તાલીમાર્થીઓને અદાણી ગ્રૂપના વિક્રમ ટંડને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ તેમજ માર્ગદર્શન પ્રદાન કર્યુ હતું.

# જામનગરઃ નાફેડ મારફતે ડુંગળીની ખરીદી શરૂ કરવામાં આવી

જામનગર તા.૫:

આથી ખેડૂત મિત્રોને જણાવવામાં આવે છે કે, નાફેડ દ્વારા ઈન્ડીયાગ્રો મારફતે ડુંગળીની ખરીદી ચાલુ કરવામાં આવેલ છે. જેમાં ડુંગળીની ગુણવતા જોઈને પસંદગી કરવામાં આવશે.તો ડુંગળી વેચવા માંગતા ખેડૂતોએ ઈન્ડીયાગ્રોનો શિવ વાડી, નેસવડ ગામ સ્મશાન રોડ, તાલુકા મહુવા - ૩૬૪૨૯૦ જિ.ભાવનગર, મો. ૯૦૯૯૭



૩૩૧૧૧/૯૮૫૯૮ ૩૩૧૧૧ પર સંપર્ક કરવાનો રહેશે તેમ નાયબ બાગાયત નિયામક જામનગરની યાદીમાં જણાવવામાં આવે છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

RECRUITMENT

DESIGNATION
Reporter
Photographer/Videographer
Video Editor
Computer Operator
Telemarketer
Corporate Marketing

EXPERIENCE
Experienced / Freshers

WORKING HOURS
8 Am To 6 Pm

WALK IN INTERVIEW
Monday to Saturday
10 am to 7 pm

ADDRESS
122, Star Chambers,Harihar Chowk,
Near Panchnath Mandir, Rajkot
Email: saurashtrakranti@gmail.com

Contact: +91 94097 57062

MALE AND FEMALE BOTH CAN APPLY

સૌરાષ્ટ્ર ક્રાંતિ

Dt.05-05-2022

## મહાનગરપાલિકાની ફૂડ વિભાગ દ્વારા કરાઈ કામગીરી

# આઈસકેન્ડી, વાસી દાડમના દાણા, ટોપરાનું ખમણનો નાશ કરાયો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

વન વીક વન રોડ અંતર્ગત મહાનગરપાલિકાની ફૂડ વિભાગ દ્વારા ચંદ્રેશનગર મે.રોડ પર આવેલ ખાણી-પીણીના ધંધાર્થીઓની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ૧૯ ફૂડ બિઝનેસ ઓપરેટરની ચકાસણી કરાઈ હતી. ચકાસણી દરમ્યાન કુલ ૩૨ કિલો વાસી તથા એકસપાયરી થયેલ પેક ખાધ્ય ખોરાકનો નાશ કરાયો હતો અને ૪ પેઢીને લાયસન્સ તથા સ્ટોરેજ બાબતે નોટીસ આપેલ.







આજે શહેરના ચંદ્રેશનગર મે.રોડ વિસ્તારમાં આવેલ લીંબુઝ સોડા એન્ડ આઈસ્ક્રીમ એકસપાયરી થયેલ આઈસકેન્ડી ૪ કિલો, વાસી દાડમના દાણા તથા ટોપરાનું ખમણ ૩ કિલો નાશ કરેલ તથા લાઈસન્સ બાબતે નોટીસ આપેલ. હરી ઓમ ઢોસામાંથી ૨૦ કિલો વાસી સાંભાર તથા સ્ટોરેજ બાબતે નોટીસ પાઠવી હતી. ગોપીનાથ સેલ્સ એજન્સીમાંથી ૫ કિલો એકસપાયરી થયેલ શીંગનો નાશ તથા લાઈસન્સ બાબતે નોટીસ આપવામાં આવી હતી. રાહત મેડિકલ સ્ટોર, ઓમ આઈસ્ક્રીમ, ડિલક્ષ પાન એન્ડ કોલ્ડ્રીકસ, માટેલ પાન એન્ડ કોલ્ડ્રીકસ, પટેલ ડાઈનિંગ હોલ, અન્નપૂર્ણા ડાઈનિંગ હોલ, આર. મીત ટ્રેડિંગ, જેનિલ ડાઈનિંગ

### ૧૯ ફૂડ બિઝનેસ ઓપરેટરની ચકાસણી, ૪ પેઢીને લાયસન્સ તથા સ્ટોરેજ બાબતે નોટીસ

હોલ, ચામુંડા પ્રોવિઝન સ્ટોર, લકી પાન, શ્રધ્ધા શોપિંગ સેન્ટર, અમરનાથ ડેરી ફોર્મ, અવધ પાન, ગેલમાં સેલ્સ એજન્સી અને બોસ કોલ્ડ્રીંકસની સ્થળ પર ચકાસણી કરેલ. બીલકિંગ પેકેજડ ડ્રિંકિંગ વોટર (૧ લી.પેક બોટલ), બ્રિસ્વેલ પેકેજડ ડ્રિંકિંગ વોટર (૫૦૦ એમ.એલ. પેક બોટલ), બીસ્ટાર પેકેજડ ડ્રિંકિંગ વોટર વિથ એડેડ મિનરલ (૫૦૦ એમ.એલ. પેક બોટલ અને કેસર શ્રીખંડ (લુઝ) ના ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ મુજબ ૪ નમુના મહાનગરપાલિકાની ફૂડ વિભાગ દ્વારા લેવામાં આવેલ.

## સમગ્ર દેશની સહકારી બેન્કોના સંગઠન 'નાફેસ્કેબ-દિલ્હી' દ્વારા બહુમાન

# રાજકોટ ડિસ્ટ્રિકટ બેન્કને એન્યુઅલ પરફોર્મન્સ એવોર્ડ



### થાપણો, ધિરાણ, નફાકારકતા, એનપીએ, નાણાકીય સ્થિતિનો સર્વે કરીને નેશનલ સહકારી સંમેલનમાં ગૌરવપ્રદ એવોર્ડ એનાયત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

સમગ્ર દેશની સહકારી બેંકોના સંગઠન નાફેસ્કોબ-નવી મુંબઈ તરફથી સમગ્ર દેશની સહકારી બેંકોની થાપણો, ધિરાણ, નફાકારકતા, એન.પી.એ. તથા તમામ નાણાંકીય સ્થિતિનું એનાલીસીસ કરી સારૂ પરફોર્મન્સ ધરાવતી બેંકોને એન્યુઅલ પરફોર્મન્સ એવોર્ડ આપવામાં આવે છે. જે અન્વયે રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપરેટીવ બેંકની દરેક ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ ચાલુ વર્ષે એન્યુઅલ પરફોર્મન્સ એવોર્ડ રાયપુર (છતીસગઢ) ખાતે યોજાયેલ નેશનલ સહકારી સંમેલન તથા એવોર્ડ ફંકશનમાં છત્તીસગઢના મુખ્યમંત્રી ભુપેશ બઘેલજીના હસ્તે બેંકના જનરલ મેનેજર વી.એમ. સખીયા તથા ડિરેકટર શૈલેષભાઈ ગઢીયાને આ એવોર્ડ એનાયત કરવામાં આવેલ હતા.

આ કાર્યક્રમમાં ક્રિભકોન્યુ દિલ્હીના ચેરમેન ચંદુપાલસિંઘ યાદવ, નાફેડના ચેરમેન બિજેન્દ્રકુમાર તથા નાફેડના વાઈસ ચેરમેન સુનિલકુમાર સિંઘ હાજર રહેલ હતા.

આ એવોર્ડ બદલ બેંકના ચેરમેન જયેશભાઈ રાદડિયા, વાઈસ ચેરમેન મગનભાઈ વડાવીયા, મેનેજીંગ ડિરકટર ઘનશ્યામભાઈ ખાટરીયા તથા સમગ્ર બોર્ડ ઓફ ડિરેકટર્સને રાજકોટ અને મોરબી જીલ્લાના સમગ્ર સહકારી પરિવાર તરફથી શુભેચ્છાઓ આપવામાં આવેલ છે.

રાજકોટ ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંકની ૧૯૯ શાખાઓ મારફત થાપણદારોનો વિશ્વાસ કેળવી રૂ.૭,૫૪૪ કરોડની થાપણો એકત્ર કરી રૂ.૪,૭૩૪ કરોડનું ધિરાણ કરેલ છે અને ખેડૂતો રૂ.૩,૧૬૬ કરોડ જેવું કે.સી.સી. ધિરાણ આપવામાં આવે છે.

સભાસદોની બેંક તરફથી રૂ.૧૦ લાખની અકસ્માત વિમા પોલીસી લેવામાં આવે છે. ગુજરાતમાં જ નહિ દેશભરમાં પ્રથમ વખત ૨૪ કલાક ૩૬૫ દિવસ લોકર ઓપરેટીંગની સુવિધા પણ રાજકોટ જીલ્લા બેંકની હેડ ઓફીસમાં આપવામાં આવે છે તેમજ સાંજના ૩ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી એકસ્ટેન્શન કાઉન્ટર ખોલી દાગીના ધિરાણની સુવિધા આ બેંક મારફત આપવામાં આવે છે.

# પૂ.લાલબાપુના આશીર્વાદ લેતાં કોર્પોરેટર કિર્તિબા રાણા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫



મહાનગરપીલકાના વોર્ડ નં.૧૭, ભાજપના કોર્પોરેટર ક્રિર્તીબા રાણાએ ગધેથડ ગાયત્રી આશ્રમ ખાતે જેમણે વર્ષો સુધી ગાયત્રી મંત્રની આરાધના અને ઉપાસના કરી છે તેવા પૂ. લાલબાપુના આશીર્વાદ પ્રાપ્ત કરી ધન્યતા અનુભવી હતી. આ તકે તેમણે જણાવેલ કે સૌરાષ્ટ્રએ સંતો અને સુરાની ભુમિ છે ત્યારે અનેક સંતોના તપ અને ત્યાગ, તર્પણને કારણે આજે સૌરાષ્ટ્રમાં આજે લોકો ધર્મ તરફ વળી રહ્યા છે. ત્યારે ગાયત્રી ઉપાસક પૂ. લાલબાપુ પાસેથી જાહેર જીવનમાં હજુ વધુ ને વધુ લોકસેવા માટે શક્તિ પ્રદાન કરે તેવા આશિર્વાદ પ્રાપ્ત કરેલ હતા.એમ અંતમાં કિર્તિબા રાણાએ જણાવેલ હતું.

# રાષ્ટ્રીય મંત્રી વિજયા રાહતકારીનું સ્વાગત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫



રાજકોટ એરપોર્ટ ખાતે ટુંકા રોકાણ દરમ્યાન ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મંત્રી વિજયા રાહતકરજીનું એરપોર્ટ શહેર ભાજપ દ્વારા તેમને પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માસભર સ્વાગત કરવામાં આવેલ હતું.

આ તકે શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, મેયર ડો. પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી કીશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, રાજકોટ જિલ્લા ભાજપના પ્રભારી રક્ષાબેન બોળીયા, શહેર ભાજપ મહિલા મોરચાના મહામંત્રી લીનાબેન રાવલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# હળવદની તક્ષશિલા વિદ્યાલયને ૪૧ મેડલ

**(શિવ મયુર દ્વારા)**

હળવદ, તા.૫





### મોરબી જિલ્લા કક્ષાની જુડો સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ રૂા.૧.૧૨ લાખના ઈનામ પણ મેળવ્યા

તાજેતરમાં ખેલ મહાકુંભ અંતર્ગત મોરબી જિલ્લા કક્ષાની જૂડો રમતની સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં મોરબી જિલ્લાના અન્ડર -૧૪ અને અન્ડર-૧૭ એઈજ કેટેગરીના કુલ ૮૬ મેડલમાથી ૧૩ ગોલ્ડ સહિત કુલ ૪૧ મેડલ મેળવી મોરબી જિલ્લામાં પ્રથમ નંબર મેળવી ડંકો વગાડ્યો હતો. જેમાં અન્ડર-૧૪ ના વયજૂથમાં શાળાના દીપ મોરતરિયા, પ્રજાપતિ રાહુલ, અણિયારી લક્ષ્મણ , સોલંકી રિન્કુ, સોનગ્રા કૃપાલીએ ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. જ્યારે અન્ડર-૧૭ ભાઈઓમાં કણસાગરા મનોજ, સેફાત્રા હરિ, મારુનિયા દશરથ, દેત્રોજા મેહુલે અને બહેનોમાં ઉકેડિયા મીના, પટેલ દિયા, ગઢાદરા અંજલિ અને અઘારા ધ્રુવિનીએ ગોલ્ડ મેડલ જીત્યા હતા.

આ સિવાય તક્ષશિલા સંકુલના કણઝરિયા પ્રાપ્તિ, વાઘેલા વિશાલ, અઘારા જયદીપ, દુધરેજિયા ધ્રુવરાજ, ગઢવી ધમભા, કુણપરા ધ્રુવરાજ, દેકાવિડાય કિશન, સાકરિયા દિવ્યા, સથવારા ભૂમિ અને સોલંકી જિજ્ઞાસાએ વિવિધ એજ કેટેગરીમાં સિલ્વર મેડલ અને ૧૮ વિદ્યાર્થીઓએ બ્રોન્ઝ મેડલ મેળવી સ્પર્ધામાં ચાર ચાંદ લગાવી દીધા હતા.

મોરબી જિલ્લામાં એક લાખ બાર હજારના ઇનામો સહિત જૂડોમાં મેડલ સાથે અવ્વલ નંબરે હળવદની તક્ષશિલા વિદ્યાલય રહી હતી. આ પ્રસંગે ખેલો ઈન્ડિયાના મેડાલિસ્ટ રેફરી અફરુદ્દીન ચૌવટ અને કોચ નેહાબેન સોલંકી, તન્વીબેન બારડ, જૈનિષ મુંઘરા હાજર રહ્યા હતા. ઈન્સ્કુલ પ્રોજેકટ હેડ પૂજાબેન ઓરા અને પ્રકાશ જોગરાણાએ વિજેતા તમામ સ્પર્ધકોને તૈયારી કરાવી હતી.

## વેરાવળ-બાંદ્રા ટર્મિનસ વચ્ચે તા.૮ અને ૯મીએ બે ટ્રીપ

# NTPC પરીક્ષા માટે ખાસ ટ્રેન દોડાવાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

નોન-ટેક્નિકલ પોપ્યુલર કેટેગરી **(NTPC)** ફેઝ-૨ પરીક્ષામાં ભાગ લેનારા ઉમેદવારોની સુવિધા માટે, પશ્ચિમ રેલવેએ વેરાવળ અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે પરીક્ષા વિશેષ ટ્રેન ચલાવવાનું નક્કી કર્યું છે.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફએ જણાવ્યા અનુસાર, વેરાવળ-બાંદ્રા ટર્મિનસ પરીક્ષા સ્પેશિયલ (૨ ટ્રીપ) અંતર્ગત વેરાવળ-બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ વેરાવળથી રવિવારના રોજ ૧૦.૪૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૫ કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. તેવી જ રીતે બાંદ્રા ટર્મિનસ - વેરાવળ સ્પેશિયલ સોમવારના રોજ બાંદ્રા ટર્મિનસથી ૨૧.૪૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૧૫.૩૫ કલાકે વેરાવળ પહોંચશે.

આ ટ્રેન બંને દિશામાં જૂનાગઢ, જેતલસર, ગોંડલ, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, મહેમદાવાદ ખેડારોડ, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, વાપી અને બોરીવલી સ્ટેશનો પર ઉભી રહેશે. આ ટ્રેનમાં સ્લીપર કલાસ અને જનરલ સેકન્ડ કલાસ કોચ હશે. ટ્રેન નંબર ૦૯૪૨૦/૦૯૪૧૯ માટે બુકિંગ કાલ

### કાલથી ટિકિટ બુકીંગ ચાલુ થશે

પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને **IRCTC**ની વેબસાઇટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન વિશેષ ભાડા પર વિશેષ ટ્રેન તરીકે દોડશે અને સેકંડ કલાસના સામાન્ય કોચ સિવાય તમામ વર્ગો માટે સંપૂર્ણપણે આરક્ષિત હશે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## ગ્રીષ્માના હત્યારા ફેનિલને ફાંસીની સજા

ગોયાણીએ એકતરફી પ્રેમમાં પાગલ થઈને ગત ૧૨ ફેબ્રુઆરીનાં રોજ ગ્રીષ્માની જાહેરમાં હત્યા કરી હતી. રીઢા ગુનેગાર કે સાયકો હત્યારાની જેમ ગ્રીષ્માનાં ગળા પર બેવાર છરો ફેરવી તેણે ગ્રીષ્માની કરપીણ રીતે હત્યા કરી હતી. આરોપીએ જરાપણ દયા બતાવી ન હતી. અદાલતે ચાર્જશીટ રજુ થયા બાદ ગત ૨૧ એપ્રિલે ફેનિલને દોષિત જાહેર કર્યો હતો પણ સજા સંભળાવવામાં મુલ્તવી પડી હતી. અગાઉ ૨૬ એપ્રિલે સજા સંભળાવવાનું કોર્ટે નક્કી કર્યું હતું પણ સરકારી વકીલ હાજર ન હોવાથી મુલ્તવી પડી હતી. છેવટે અદાલતે ૫મી મે નાં રોજ સજા સંભળાવવાનું નક્કી કર્યું હતું અને એ મુજબ આજે ફેનિલને આઈપીસીની કલમ- ૩૦૨, ૩૦૫ મુજબ ફાંસીની સજા ફટકારી હતી. કલમ- ૫૦૪, ૫૦૭ વગેરે કલમો અંતર્ગત આરોપીને દંડ ફટકારવાનો અને પીડિતાનાં પરિવારને વળતર ચૂકવવાનો પણ જજ વ્યાસે આદેશ આપ્યો હતો. બચાવ પક્ષે એવી દલીલ પણ કરી હતી કે, આરોપી કોઈ ખૂંખાર અપરાધી નથી. આથી તેની ઉંમર ધ્યાનમાં લઈને સજા કરાય. આ કેસ રેરેસ્ટ ઓફ રેર કેસ નથી. બીજીતરફ સરકારી વકીલે જોરદાર દલીલો કરી હતી અને કહ્યું હતું કે, આ આખો કેસ માત્ર વિડીયો આધારિત નથી. આરોપી ગુનાહિત માનસિકતા ધરાવતો હતો અને ખૂબ ગણતરી પૂર્વક હત્યા કરી છે. આરોપીએ ચપ્પુ ખરીદવા માટે ઓનલાઈન ફ્લીપકાર્ટને ઓર્ડર આપ્યો હતો. ઓડર કેન્સલ થતા આરોપીને મોલમાંથી ચપ્પુ ખરીદયો હતો. બીજું ચપ્પુ તેનાં મિત્ર પાસેથી ખરીદ કર્યું હતું. હત્યા કરતા પહેલા આરોપીએ રેકી પણ કરી હતી. અપરાધનાં દિવસે તે ગ્રીષ્માને શોધવા તેની કોલેજમાં ગયો હતો. તેણે ગ્રીષ્માની મિત્ર ધ્રુવતીને કહ્યું હતું કે, આજે ગ્રીષ્માનાં ઘરે જઈને કંઇક મોટું કરવાનો છું. બનાવ પહેલા તેણે ક્રિષ્ના સાથે કરેલી ઇન્સ્ટાગ્રામ વાતચીત પણ તેનો હત્યાનો ઈરાદો દર્શાવે છે. આથી આરોપીને સખ્તમાં સખ્ત સજા થવી જોઈએ. જજે ચુકાદામાં ઠરાવ્યું હતું કે, કસાબની જેમ આરોપી ફેનિલને પણ કોઈ પસ્તાવો થતો દેખાયો નથી. સજા સમાજમાં દાખલો બેસાડવા માટે અપાતી હોય છે. એટલે આ કેસમાં આરોપીને ફાંસીની સજા સંભળાવી છે. ટ્રાયલ દરમ્યાન પણ આરોપીને કોઈ પસ્તાવો દેખાયો નથી. તે વારંવાર માથામાં હાથ ફેરવતો રહેતો હતો. કસાબની જેમ તેને પણ પસ્તાવો દેખાતો ન હતો. દરમ્યાન રાજ્યનાં મહેસુલ મંત્રી અને કાયદામંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ સરકારી વકીલને અભિનંદન આપ્યા હતા અને અદાલતનાં ચુકાદાને આવકાર આપ્યો હતો. ગ્રીષ્માનાં પિતાએ પણ પ્રતિક્રિયા આપી હતી કે, આવો ચુકાદો આવતા આવું કૃત્ય કરતા પહેલા હવે અન્ય અપરાધી બીજીવાર વિચાર કરશે.(૨.૧૨)

## નારાજ હાર્દિક પટેલને મનાવી લેવા રાહુલ ગાંધી મેદાનમાં

નજીક છે એટલે પ્રામાણિક અને મજબુત લોકોને સાથે રાખીને તૈયારીઓ શરૂ થઇ જવી જોઈએ. એક સિનિયર કોંગ્રેસી પદાધિકારીએ જણાવ્યું હતું કે, જો હાર્દિક કોંગ્રેસ છોડી જશે તો કોંગ્રેસને ભારે નુકશાન થઇ શકે છે. આપ માં જોડાઈ રહ્યાની પણ અફવા હવે જોર પકડી રહી છે. હવે આગામી દિવસોમાં હાર્દિકની રાજકારણની દિશા નક્કી થઇ જવાની શક્યતા છે. રાહુલ ગાંધીએ આદેશ આપ્યો હોવાથી હવે પ્રદેશ કોંગ્રેસની નેતાગીરી હાર્દિકને મનાવવાની દિશામાં આગળ વધે છે કે કેમ એ જોવાનું રહે છે.(૨.૧૨)

## કચ્છનાં ભૂકંપ ગ્રસ્તોને આવાસનાં માલિકી હક અર્પણ

એ જગ્યાને ગામતળ નિમ કરવાનો પણ મહેસુલ વિભાગે નિર્ણય લીધો છે. આ રીતે સામાન્ય અને ગરીબ પરિવારોની પડખે ઉભા રહેવાનો અભિગમ ધરાવતા મુખ્યમંત્રીએ અનેક ભૂકંપ ગ્રસ્ત પરિવારોની લાંબા સમયથી પડતર સમસ્યાનું નિરાકરણ કર્યું છે.(૨.૧૨)

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## રાજકોટઃ ચંદ્રેશ નગર મેઈન રોડ પર પાર્કિંગ તથા માર્જીંગમાં થયેલા દબાણો દૂર કરાયા

બાંધકામ દુર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવેલ છે. આ કામગીરીમાં સેન્ટ્રલ ઝોનના ડેપ્યુટી કમિશ્નર, સીટી એન્જીનીયર સેન્ટ્રલ ઝોન તેમજ સેન્ટ્રલ ઝોનની ટાઉન પ્લાનીંગ શાખા, બાંધકામ શાખા, દબાણ હટાવ શાખા, રોશની શાખા, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા, ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ શાખાના તમામ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ તથા આ કામગીરી દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સુરક્ષા વિભાગના અધિકારી તથા તેમનો તમામ સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## દેશના સંખ્યાબંધ વિસ્તારોમાં ફરી પલટાતું હવામાન, વરસાદ

મલકાનગીરી અને મુશીરાબાદ જેવા વિસ્તારોમાં ભારે જળબંબાકાર થઇ ગયો હતો. અનેક સ્થળે વૃક્ષો ધરાશાયી થઇ ગયા હતા. એટલે લોકોએ રબરની બોટમાં બેસીને અવર-જવરનો આનંદ માણ્યો હતો. તેલંગણાનાં અનેક વિસ્તારમાં માવઠું થતા રાજમાર્ગો પર નદીઓ ચાલી નીકળી હોય એવા દ્રશ્યો સર્જાયા હતા. હૈદરાબાદનાં સાંસદ ઓવૈસીએ સ્થાનિક અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. મહાનગરનાં ચારમીનાર વિસ્તાર, યસરબ નગર, કટ્ટાતળાવ વિસ્તાર, મક્કા કોલોની જેવા વિસ્તારો જળબંબાકાર થતા તેમણે સ્થાનિક અધિકારીઓને બચાવકાર્ય માટે અપીલ કરી હતી.(૨.૧૨)

## ગુજરાતના દરેક ગામમાં પહોંચશે મોબાઈલ સેવા અને ફાઈબર

ગ્રામપંચાયતો છે. લગભગ તમામ પંચાયતોમાં ફાઈબર પહોંચાડવામાં આવ્યા છે. તેમણે કહ્યું હતું કે, નાણાંકીય વર્ષ દરમ્યાન રૂ.૧.૬ કરોડનાં ખર્ચે રાજયમાં પોસ્ટ વિભાગ દ્વારા ૧૧ નવી પોસ્ટ ઓફીસનું નિર્માણ થઇ ગયું છે. બીજી ૧૭ ઈમારતો માટે યોજના બનાવવામાં આવી છે. વડાપ્રધાનની 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના હેઠળ ગુજરાતમાં પોસ્ટ વિભાગે અત્યાર સુધીમાં ૮.૭૫ લાખ સુકન્યા સમૃધ્ધિ ખાતા ખોલ્યા છે. આંકડો ૧૦ લાખ સુધી લઇ જવાશે. કોરોનાકાળમાં પણ પોસ્ટ વિભાગે કામગીરી ચાલુ રાખી આવશ્યક ચીજ-વસ્તુઓ અને દવાઓ પહોંચાડ્યા છે. તેનો ઉલ્લેખ કરતા સંચાર રાજયમંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનનાં નેતૃત્વમાં ગુજરાતમાં પોસ્ટ વિભાગે અનોખી પહેલ કરી છે. જે નાગરિકોને એમના પાર્સલ રેલવે દ્વારા મોકલવા રેલવે સ્ટેશન જવું પડે છે. હવે નવી પરી યોજના હેઠળ પોસ્ટ વિભાગ નાગરિકોનાં પાર્સલ રેલવે સુધી પહોંચાડશે અને રેલવેથી લઇ ગ્રાહકનાં ઘર સુધી પહોંચાડી દેશે. તેમણે બીએસએનએલ દ્વારા પણ ટૂંક સમયમાં ૪-જી સેવા શરૂ કરવાની ખાતરી આપી હતી. તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડીયા ખાતે રાજ્યનાં ટપાલ વિભાગ અને દૂરસંચાર વિભાગનાં વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. જેમાં તમામ ટોચનાં અધિકારીઓ હાજર રહ્યા હતા.(૨.૧૨)

# સાડીના કારખાનામાંથી રૂા.૧૬ લાખની રોકડ ચોરાઈઃ આરોપીઓ થોરાળા પોલીસના સંકજામાં






(તસવીરઃ પંકજ ડાભી)

## કારખાનેદારે જીઈબી અને રીનોવેશન માટે રોકડ રકમ કારખાનામાં રાખી હતીઃ બાજુના કારખાનાની આઠ ફુટની દિવાલ કૂદીને તસ્કરો અંદર પ્રવેશ્યાઃસીસીટીવીના ડીવીઆર પણ લઈ ગયાઃ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

રાજકોટના દૂધની ડેરી વિસ્તારમાં આવેલી નટરાજ ટેક્સ્ટાઈલ પ્રિન્ટ નામે કારખાનામાંથી બે દિવસ પહેલા તસ્કરોએ આઠ ફૂટની દીવાલ કૂદી કારખાનાના ટેબલમાં રાખેલા રૂ.૧૬ લાખની રોકડ ભરેલી થેલી અને સીસીટીવી કેમેરાનું ડીવીઆર અજાણ્યા તસ્કરો લઈ જતા થોરાડા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.આ બનાવ અંગે પોલીસે આજુબાજુના સીસીટીવી ફુટેઝના આધારે વધુ તપાસ કરતા આરોપીને સકંજામાં લઈ તમામ રોકડ કબ્જે કરી હતી.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર,સામાંકાંઠે પેડક રોડ રણછોડનગર શેરી.૨૯ ઉત્સવ મકાનમાં રહેતા ભુપેન્દ્રભાઈ ગણેશભાઈ નાથાણી(પટેલ)(ઉ.વ.૪૩)એ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું દૂધની ડેરીની પાછળ મેહુલનગર મેઇન રોડ શક્તિ ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં નટરાજ ટેક્ષટાઇલ્સ પ્રિન્ટ નામે સાડીનું 30 વર્ષથી કારખાનું ધરાવું છું.આ કારખાનાનું રીનોવેશન કામ ચાલુ છે માટે હાલ તે કારખાને દરરોજ નિયમિત જાવ છું. ગત તા.૩/૫ ના રોજ કારખાનાના રીનોવેશનના અને જીઇબીમાં પૈસા આપવાના હોય માટે રૂ.૧૬ લાખની રોકડ લઈ કારખાનામાં આવેલા ટેબલના ખાનામાં મૂક્યા હતા ત્યારબાદ કારખાનું રાત્રીના બંધ કરી દીધું હતું.

ત્યારબાદ સવારે નિત્યક્રમ મુજબ બીજા દિવસે સવારે ભુપેન્દ્રભાઈ કારખાનામાં આવી ટેબલ ચેક કરતા રૂ.૧૬ લાખની રોકડ ભરેલી થેલી ટેબલના કારખાનામાં જોવા મળી નહોતી અને આજુ બાજુ તપાસ કરતા થેલી ક્યાંય જોવામાં આવી નહોતી.તેમજ સીસીટીવી કેમેરા જોવા જતાં તે પણ તસ્કરો લઈ ગયા હતા.ત્યારબાદ આ મામલે બાજુમાં જ કારખાનું ધરાવતા હેમંતભાઈને હકીકત જણાવી તપાસ કરતા તેના પણ કેમેરા તસ્કરો ઉઠાવી ગયા હતા.

આ મામલે ભુપેન્દ્રભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,મારૂ કારખાનું રાત્રીના સમયે બંધ હતું.ત્યારે મારા અને બાજુમાં કારખાનું ધરાવતા હેમંતભાઈના કારખાનાના સેડ વચ્ચે આઠ ફૂટની દીવાલ આવેલી છે.તે બંને વચ્ચે દીવાલ હોય અને ખુલ્લો ગેપ પડતો હોય તેમાંથી મારા કારખાનામાં તસ્કર અંદર પ્રવેશી ઓફિસના દરવાજાને મારેલ તાળું તોડી ઓફિસમાં પ્રવેશ કરી ઓફિસમાં રહેલા ટેબલના ખાનામાં રાખેલા રૂ.૧૬ લાખની રોકડ ભરેલી થેલી અજાણ્યો તસ્કર ચોરી કરી ગયો હતો.તે પૈસા જીઇબી અને હાલ કારખાનામાં હાલ રિનોવેશન ચાલુ છે તેને પૈસા ચૂકવવાના થતાં હોય તે પૈસા કારખાનામાં રાખ્યા હતા.

આ બનાવ અંગે થોરાડા પોલીસમાં ભુપેન્દ્રભાઈ ફરિયાદ નોંધવામાં આવતા પીઆઇ દેસાઈની રાહબરીમાં પીએસઆઈ જી.એસ.ગઢવી અને સ્ટાફે આજુ બાજુના વિસ્તારના સીસીટીવી ફુટેઝ તપાસી આરોપીની ઓળખ મેળવી પોલીસે થોરાડા વિસ્તારના શખ્સને સકંજામાં લઈ તેની પાસેથી ચોરીમાં ગયેલી તમામ રોકડ કબ્જે કરી હતી.

### પોલીસે આજુબાજુના વિસ્તારના ફુટેઝના આધારે તપાસ કરતા ચોરીનો ભેદ ઉકેલાયો

# અટલ પેન્શન યોજનામાં રાજકોટ નાગરિક બેંકની શ્રેષ્ઠ કામગીરી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ને અટલ પેન્શન યોજનામાં શ્રેષ્ઠ કામગીરી (એપીવાય એન્યુઅલ એવોર્ડ (નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨) માટે મોમેન્ટો એનાયત થયેલ છે.

અટલ પેન્શન યોજનાની કામગીરી કરતી સંસ્થા, પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ફંડ (પીએફઆરડીએ) દ્વારા તાજેતરમાં ઇન્ડીયા હેબીટેટ સેન્ટર, ન્યુ દિલ્હી ખાતે યોજાયેલ એપીવાય ફેલીસીસેશન કાર્યક્રમમાં દેશભરની બેંકોમાંથી ચેરમેન, વાઇસ ચેરમેન, એમ.ડી. અને સી.ઇ.ઓ., ઉચ્ચ અધિકારીગણની ઉપસ્થિતિમાં અટલ પેન્શન યોજના અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનાર વિવિધ બેંકોને મોમેન્ટો આપી સન્માનિત કરાયેલ.

આ પ્રસંગે સંજય મલ્હોત્રા દ્વારા રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ને મોમેન્ટો એનાયત કરાયેલ અને તેને બેંકના ડેપ્યુટી જનરલ મેનેજર રજનીકાંત રાયચુરાએ સ્વીકારેલ. તેમ જણાવ્યું છે.

## ગત એપ્રિલ માસ દરમિયાન લાભાર્થીઓ દ્વારા ભરણું

# મનપાને આવાસના હપ્તા પેટે રૂા.૧૧.૪૯ કરોડની આવક

### અત્યાર સુધીમાં ૩૧ હજારથી વધુ આવાસ બનાવીને કરાયેલી ફાળવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અલગ અલગ યોજનાઓ અંતર્ગત આજ દિન સુધીમાં ૩૧ હજારથી વધારે આવાસ બનાવીને લાભાર્થીઓને ફાળવવામાં આવેલ છે. જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્માર્ટ ઘર, મુખ્યમંત્રી આવાસ યોજના, BSUP - ૧,૨,૩, રાજીવ આવાસ યોજના, ગુરૂજીનગર, ધરમનગર, ૩૦૧૨, હુડકો, વામ્બે અને સફાઈ કામદાર આવાસ યોજનાઓનો સમાવેશ થાય છે.

આવાસ યોજના વિભાગ દ્વારા ગત તા.૧/૪ થી તા.૩૦/૪ સુધીમાં રૂ.૧૧,૪૯,૬૧,૫૯૪ (અગિયાર કરોડ ઓગણપચાસ લાખ એકસઠ હજાર પાંચસો ચોરાણું પુરા)ની આવક આવાસના હપ્તા પેટે કરવામાં આવેલ છે.

હાલમાં વિવિધ યોજનાઓના એલોટમેન્ટ લેટર વિતરણ ચાલુ છે જે અન્વયે જે લાભાર્થીઓ દ્વારા એલોટમેન્ટ લેટર લેવામાં આવેલ નથી કે આવાસ પેટેના હપ્તા ભરપાઈ કરેલ નથી તેઓને તાત્કાલિક આવાસ યોજના વિભાગ, રાજકોટ મહાનગરપાલિકા, ઢેબર રોડ, રાજકોટનો સંપર્ક કરી પોતાના આવાસનું એલોટમેન્ટ મેળવી લેવા અને હપ્તા ભરવાની અપીલ કરવામાં આવી છે.

# મનપા દ્વારા જુદા-જુદા સંવર્ગની લેખિત પરીક્ષા રવિવારે લેવાશે

### શહેરના જુદા-જુદા ૯ કેન્દ્રો ખાતે પરીક્ષા લેવાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જુદા-જુદા સંવર્ગોની ભરતી અંગેની જાહેરાત આપવામાં આવેલ હતી જેમાં સેનેટરી સબ ઇન્સ્પેકટર, નાયબ કાર્યપાલક ઈજનેર(સિવિલ), આસી.એન્જી. (મિકે.) આસી. એન્જી.(સિવિલ) અને એકાઉન્ટ ક્લાર્ક આમ કુલ-૫ સંવર્ગની લેખિત પરીક્ષા આગામી તા.૮ ના રોજ શહેરનાં જુદા-જુદા કુલ-૯ કેન્દ્રો ખાતે લેવામાં આવનાર છે. આ પરીક્ષામાં તમામ પરીક્ષા કેન્દ્રો સી.સી.ટી.વી.કેમેરાથી સજ્જ છે.

મહાનગરપાલિકા દ્વારા પરીક્ષા અન્વયે પરીક્ષા કેન્દ્ર દીઠ-૨ થી ૩ વિડીયોગ્રાફર તથા દરેક પરીક્ષા કેન્દ્ર ખાતે ચુસ્ત પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા કરવામાં આવેલ. તેમજ પરીક્ષામાં મહાનગરપાલિકાના કુલ-૭૩ જેટલા અધિકારી/કર્મચારીઓને કામગીરી સોંપવામાં આવેલ છે.

પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્ર પર મોબાઈલ તથા ઇલેક્ટ્રોનિક વસ્તુઓ લાવવા અંગે સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવેલ છે. આમ, રાજકોટ મહાનગરપાલિકાની તા.૮ ની લેખિત પરીક્ષા સંપૂર્ણ શાંતિપૂર્ણ સંપન્ન થાય તે માટે મહેકમ શાખા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. તેમ જણાવ્યું છે.

# મધર્સ ડે નિમિતે જી.ટી. શેઠ પુસ્તકાલય દ્વારા બહેનો માટે ટોક શો નું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સ્મારક ટ્રસ્ટ દ્વારા સંચાલિત ગુલાબચંદ તલકચંદ શેઠ પુસ્તકાલયનાં ઉપક્રમે તા.૯ ને સોમવારનાં રોજ સાંજે ૪ કલાકે મધર્સડે ની ઉજવણીનાં ભાગરૂપે બહેનો માટે રમત-ગમત સ્પર્ધા તથા ટોક શોનું આયોજન સરદાર ભવન, કિશાનપરા ચોક, રેસકોર્સરોડ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં જોડાવા ઈચ્છતી મહિલાઓએ તા. ૫ મે સુધી સવારે ૯ થી ૧. અને સાંજે ૩ થી ૭ દરમ્યાન સ્થળ પર જઈ રૂબરૂ નામ નોંધાવવાનું રહેશે.

## વિવેકાનંદ યુથ કલબ દ્વારા

# એસ.ટી.બસ સ્ટેન્ડમાં છાશ અને શીતલ જલનું વિતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

વિવેકાનંદ યુથ કમળ દ્વારા શહેરના સેન્ટ્રલ એસ.ટી.બસ સ્ટેન્ડમાં વિરેન્દ્રભાઈ દોશીના સહયોગથી ઉનાળાની કાળમાળ ગરમીમાં મુસાફરોને તાજી અને પૌષ્ટિક અમૃતરૂપી ઠંડી છાશ અને શીતલ જલનું વિતરણ ઉનાળાના ગરમીના દિવસોમાં લોકોને રાહત રહે તે માટે રવિવારે આકરી ગરમીમાં કરવામાં આવેલ જેનો અઢી હજારથી વધુ લોકોએ લાભ લીધો હતો.

છાશ વિતરણ પ્રવૃતિમાં સહયોગ આપવા તેમજ વિશેષ માહિતી પૂછપરછ માટે સંસ્થાના મંત્રી અનુપમ દોશીનો ૯૪૨૮૨૩૩૭૯૬ નો સંપર્ક સાધવા જણાવ્યું છે.

## મનપા દ્વારા પાણી ચકાસણી ઝુંબેશ

# ફળિયા ધોવા અને ડાયરેકટ પમ્પિંગ કરતા રૂા.૨૬ હજારની પેનલ્ટી




### ૧ ઈલેકટ્રીક મોટર જપ્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

મહાનગરપાલિકા દ્વારા ગત તા.૪ બુધવારે ૧૨૪૫ ઘરોની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ડાયરેક્ટ પમ્પિંગ કરતા કુલ ૨૧ કિસ્સાઓ મળેલ હતા. ૫ આસામીઓને નોટીસ અને ૧ આસામીઓની ઇલેક્ટ્રિક મોટર જપ્ત કરવામાં આવી હતી. ડાયરેક્ટ પમ્પિંગ અને ફળિયા ધોવા બાબતે રૂ. ૨૬,૦૦૦ની પેનલ્ટી વસુલ કરવામાં આવી હતી.

પાણી ચકાસણી ઝુંબેશ દરમ્યાન જો કોઇ આસામી ડાયરેક્ટ પમ્પિંગ કરતા માલુમ પડે તેવા કિસ્સાઓમાં રૂ. ૨૦૦૦ ની પેનલ્ટી વસુલ કરવા જે-તે આસામીઓને નોટીસ ઇસ્યુ કરી મુક્ત આપવામાં આવે છે તેમજ જો કોઇ આસામી ફળિયા ધોતા માલુમ પડે તો તેમની પાસેથી રૂ. ૨૫૦ નો દંડ વસુલ કરવામાં આવે છે.

સેન્ટ્રલ ઝોનના વિવિધ વોર્ડના વિસ્તારોમાં ચકાસણી દરમ્યાન ૧૧ આસામીઓ ડાયરેક્ટ પમ્પિંગ કરતા મળેલ હતા. કુલ ૧ ઇલેક્ટ્રિક મોટર જપ્ત કરવામાં આવી હતી અને ૪ આસામીને નોટીસ આપવામાં આવી હતી તેમજ રૂ. ૧૪,૫૦૦ ની પેનલ્ટી વસુલ કરવામાં આવી હતી.

ઈસ્ટ ઝોનના વિવિધ વોર્ડના વિસ્તારોમાં ચકાસણી દરમ્યાન ૦૬ આસામીઓ ડાયરેક્ટ પમ્પિંગ કરતા મળેલ હતા અને ૧ આસામીઓને નોટીસ આપવામાં આવી હતી તેમજ રૂ. ૫,૫૦૦ ની પેનલ્ટી વસુલ કરવામાં આવી હતી. વેસ્ટ ઝોનના વિવિધ વોર્ડના વિસ્તારોમાં ચકાસણી દરમ્યાન ૭ આસામીઓ ડાયરેક્ટ પમ્પિંગ કરતા મળેલ હતા તેમજ રૂ. ૬,૦૦૦ ની પેનલ્ટી વસુલ કરવામાં આવી હતી.


# અમરેલી જિલ્લા સૌની યોજના મારફત નર્મદાનું પાણી છોડવા પૂર્વ કેબિનેટ મંત્રીની માંગ

### ગામડાના લોકો અને ખેડૂતોની રજૂઆત મળતા મુખ્યમંત્રીને પત્ર લખી કરાઈ રજુવાત

(કિરીટ જોષટા દ્વારા)

વડિયા, તા.૫

ઉનાળો આવતા જ નદી, નાળા, તળાવ, જળાશયોના તળિયા દેખાતા પાણીનો પોકાર ઉઠે છે. ત્યારે ગામડાના લોકોને પીવાના પાણીની સાથે સિંચાઈનું પાણી પણ ખુબ મહત્વ ધરાવે છે. ત્યારે ગુજરાતની જીવાદોરી સામાન સરદાર સરોવરનુ પાણી સૌની યોજનાથી સૌરાષ્ટ્રને આપવા માટેની આ યોજનાનું મોટાભાગનુ કામ લગભગપૂર્ણતા તરફ છે. ત્યારે ગયા વર્ષે ખંભાળા, સુખપર, નીલવડા,ચમારડી, બળેલ પીપળીયા,દેવગામ ઈશ્વરીયા, લાખાપાદર, જિથુડી, નાજાપુર, તોરી, રામપુર સુધી ગત ઉનાળાના અંતમાં પાણી છોડી વડિયાના સુરવો ડેમ સુધી નર્મદાના નીર પહોંચ્યા હતા. ત્યારે હાલ કાળજાળ ગરમીમાં પાણીના તડ નીચે જતા ખેતી અને પીવાના પાણી માટે ખુબ પાણી ની તંગી જોવા મળી રહી છે. દરેક ગામડે પાણીની સમસ્યા શરૂ થઈ છે સાથે સાથે ખેડૂતોને પણ ઉનાળુ પાકુ માટે અંતિમ પાણી અને આગતરા વાવેતર માટે પાણીની ખાસ જરૂરિયાત હોય ત્યારે લોકો અને ખેડૂતોની રજુવાત મળતા તેમની સમસ્યા બાબતે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ દ્વારા અમરેલી જિલ્લામાં જ્યાં સૌની યોજનાની પાઈપલાઈનનુ કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. જેનું ટેસ્ટિંગ પણ થઈ ચૂક્યું છે તેવા તમામ વિસ્તારમાં સૌની યોજના મારફતે નર્મદા નીર છોડી લોકોની અને ખેડૂતો ની પાણી સમસ્યા દૂર કરવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી માંગણી કરાઈ છે.



જો સૌની યોજનાથી નર્મદાના નીર નદી, ડેમ, ચેકડેમમાં છોડી ભરવામાં આવે તો ખેડૂતોને સિંચાઈ મળી રહે અને ગામડાના લોકોનો પીવાના અને ઘર વપરાશના પાણીનો પ્રશ્ન પણ પૂર્ણ કરી શકાય ત્યારે પૂર્વ કેબિનેટ મંત્રી બાવકુ ઊંધાડ દ્વારા રાજ્યના મુખ્યમંત્રી પાસે લોક હિતાર્થે માંગણી કરવામાં આવી છે.

# રાજકોટ જિલ્લા દૂધ સંઘ દ્વારા રૂ.૧.૮૦ કરોડના ખર્ચે સોલાર પ્લાન્ટ ઈન્સ્ટોલ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાજકોટ જિલ્લા દૂધ સંઘ દ્વારા રૂ.૧.૮૦ કરોડના ખર્ચે સોલાર પ્લાન્ટ ઈન્સ્ટોલ કરવામાં આવ્યો છે. જેમાં પશુપાલકોને ફાયદો થશે અને નવી ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ડેરીનો વહીવટ ખર્ચ ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લા દૂધ સંઘ દ્વારા સોલાર પ્લાન્ટ કાર્યરત કરીને વર્ષે રૂપિયા ૭૦ લાખની બચત કરવામાં આવશે. રાજકોટ જિલ્લા દૂધ સંઘ સુર્યશકિતનો સદુપયોગ કરવામાં આવ્યો છે.

# અવસાન નોંધ

જસદણઃ ઠા.અશ્વિનકુમાર દામોદરભાઈ જસાણીના પુત્ર વિજયભાઇ (કાનો) (ઉ.વ.૩૨) તે વિમલભાઈ તથા જયદીપભાઈના લઘુબંધુ તથા પ્રફુલભાઈના ભત્રીજાનુ તા.૪ ના રોજ અવસાન થયુ છે. ઉઠમણુ તા.૬ ના રોજ સાંજે ૪ થી ૫-૩૦ સુધી ગાયત્રી મંદિર આટકોટ રોડ, જસદણ ખાતે રાખેલ છે.

# ઘેલા સોમનાથ મંદિરે કાલથી કળશ ઉત્સવ

## ગણપતિ પૂજન, જળયાત્રા, યજ્ઞપૂજા, અભિષેક, કળશપૂજન, મહાપ્રસાદ વગેરેનું આયોજન




**(કરશન બામટા દ્વારા)** આટકોટઃ જસદણના ઘેલા સોમનાથ મંદિરના શિખર ઉપર કળશ ચડાવવા માટે દાતાઓના સહયોગથી ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શુક્રવારના રોજ સવારે ૭થી ૮ ગણપતિ પુજન કરવામાં આવશે તેમજ સાંજે ૫:૩૦ કાળાસર રામજી મંદિર થી ઘેલા સોમનાથ જળયાત્રા તથા મૂર્તિની શોભાયાત્રા કાઢવામાં આવશે. તા.૭ શનિવારના રોજ યજ્ઞ પૂજા તેમજ આખો દિવસ ધાર્મિક કાર્યક્રમનું આયોજન રાખવામાં આવેલ છે તેમજ અભિષેક કરવામાં આવશે મૂર્તિપૂજા કળશ પૂજા અને તા.૮ રવિવારે બપોરે ૩ મુખ્ય શિખર ઉપર કળશ ચઢાવવામાં આવશે દાતાના સહયોગથી આ કાર્યક્રમનું ત્રણ દિવસનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં બપોરે સાંજે ભોજનની પણ વ્યવસ્થા રાખવામાં આવેલ છે. આ મંદિર સરકાર સંચાલિત હોય મંદિરના અધ્યક્ષ કલેકટરના માર્ગદર્શન નીચે નાયબ કલેકટર બાટી તથા મામલતદાર નાની સૂચના મુજબ મનુભાઈ શીલુ તથા તથા નાયાબ મામલતદાર કાછડીય સહિત તમામ સ્ટાફ દ્વારા જહેમત ઉઠાવી રહ્યા છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો

ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

## રૂા.૫૦ લાખના ચેક રિર્ટન કેસમાં પાટીદાર કારખાનેદારનો નિર્દોષ છુટકારો

# ક્રાઈમ બાંચના પી.એસ.આઈ. ની મદદથી ફરીયાદીએ કોરા ચેકો મેળવી ખોટો કેસ કરેલ હોવાની આરોપીની દલીલ માન્ય રહી


એડવોકેટ: તુષાર ગોકાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

સને-૨૦૧૭ માં ક્રાઈમ બ્રાંચ પી.એસ.આઈ. દ્વારા અરજીના કામે ધમકાવી લખાણ તથા કોરા ચેકો મેળવી રૂા. ૫૦ લાખના ચેક રિર્ટનની કરાવેલ ફરિયાદના કામે કેસ ચાલી જતા અદાલતે પાટીદાર કારખાનેદાર મહેશ શીવાભાઈ ટીલારાને નિર્દોષ ઠરાવી છોડી મુકતા પોલીસની અરજીઓના આધારે કરવામાં આવતી કાર્યવાહીઓને ફરીવાર શંકાના દાયરામાં મુકી દીધેલ છે.

આ કેસની હકીકત એવી છે કે, રાજકોટના મવડી પ્લોટ વિસ્તારમાં રહેતા મનીષ બાબુલાલ મહેતા દ્વારા રાજકોટની અદાલતમાં શિવમ મશીન ટુલ્સના નામથી કારખાનું ધરાવતા પાટીદાર અગ્રણી મહેશ શીવાભાઈ ટીલારા વિરૂધ્ધ ફરિયાદમાં એવો આક્ષેપ કરેલ કે, ફરિયાદી તથા આરોપી ઘણા વર્ષોથી મિત્રો હોય આરોપી દ્વારા પોતાના વિશાળ રીતે ફેલાયેલ ધંધામાં રકમની જરૂરીયાત હોવાનું જણાવી ફરીયાદી મનીષ મહેતાના મિત્ર મયુર ધાંધીયા મારફતે રૂા.૫૦ લાખના રોકડા લીધેલા જે રકમ સમયસર પરત ન આપતા ફરિયાદી તથા તેના મળતીયા મયુર ધાંધીયા દ્વારા જે તે સમયે પોલીસ કમિશનરને અરજી કરેલી, જે અરજીની તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપાતા ક્રાઈમ બાંચના જે તે સમયના પી.એસ.આઈ. અતુલ સોનારા દ્વારા આરોપી મહેશ ટીલારાને ક્રાઈમ બ્રાંચ પોલીસ સ્ટેશનમાં બોલાવી નિવેદન લઈ, અલગ-અલગ ચેકો પોલીસની હાજરીમાં ફરિયાદી તથા તેના મળતીયાઓને અપાવેલ, જે ચેકો પૈકી રૂપિયા ૫૦ લાખનો ચેક ફરિયાદી મનીષભાઈ બાબુલાલ મહેતાએ મેળવેલ હોય તે ચેક બેંકમાં જમા કરાવતા સ્ટોપ પેમેન્ટના કારણે પરત ફરતા મનીષ બાબુલાલ મહેતાએ રૂા.૫૦ લાખના ચેક રિર્ટનની ફરીયાદ રાજકોટની અદાલતમાં દાખલ કરેલ હતી. ફરિયાદ દાખલ થતા આરોપી અદાલતમાં હાજર થઈ તેમની સામેના તમામ આક્ષેપોનું ભારપુર્વક ખંડન કરતા ફરિયાદ પક્ષે રજુ થયેલ સાહેદોની વિસ્તૃત ઉલટ તપાસ કરેલ અને ફરિયાદીની ફરીયાદ કાયદા મુજબની ફરિયાદના વ્યાપમાં જ પડતી ન હોવાનો બચાવ લીધેલ. આરોપી તરફે બચાવમાં એડવોકેટ તુષાર ગોકાણી દ્વારા એવી પણ રજૂઆત કરાયેલ કે ફરિયાદ પક્ષે સમગ્ર વ્યવહાર મયુર ધાંધીયાની હાજરીમાં થયેલ હોવાનું ફરીયાદમાં જણાવેલ છે પરંતુ મયુર ધાંધીયાને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી તેમજ ફરીયાદી પોતે રૂા.૫૦ લાખ જેવી રકમ કર્યાંથી લાવેલા અને આટલી મોટી રકમ આપવા સારૂ નાણાંકીય રીતે સક્ષમ હતા કે કેમ ? તે સંદર્ભે અસંખ્ય તક આપવામાં આવેલ છતા સોર્સ ઓફ ઈન્કમ પોતાની આવકના સ્ત્રોતનો કોઈ જ પુરાવો રજુ કરી શકેલ નથી તેમજ ફરિયાદી પોતે જ કબુલ કરે છે કે, તમામ ચેકો ક્રાઈમ બ્રાંચની ઓફીસ પી.એસ.આઈ. સોનારા દ્વારા અરજીના કામે પોતાની રૂબરૂના નિવેદનમાં ખોટી કબુલાતો ઉમેરી લઈ લીધેલ છે જેની સામે આરોપીએ જેતે સમયે પોલીસ કમિશનરને રજુઆત કરેલ હતી પરંતુ આરોપીની અરજી અન્વયે કોઈ જ કાર્યવાહી કરવામાં આવેલ નહીં જયારે મયુર ધાંધીયા દ્વારા કરવામાં આવેલ અરજી અન્વયે મેળવી લીધેલ ચેકોનો મયુર ધાંધીયા દ્વારા અલગ અલગ વ્યક્તિઓના નામે ચેક બેંકમાજમાં કરાવી ખોટી ફરિયાદો દાખલ કરવામાં આવેલ જે હકીકત રેકર્ડ ઉપર મુકવામાં આવેલ એટલું જ નહીં પરંતુ જે તે સમયે ક્રાઈમ બ્રાંચના પી.એસ.આઈ. દ્વારા ધમકાવી ખોટા લખાણો અને કોરા ચેકો લઈ લેવાતા આરોપીએ ગામ છોડી ભાગી જવુ પડેલ જે અન્વયેની ફરિયાદ આરોપીના પત્ની દ્વારા ભકિતનગર પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ હતી પરંતુ ક્રાઈમ બ્રાંચના અધિકારીની જ મીઠી નજર હેઠળ કૃત્ય આચરાત હોય ત્યારે પોલીસ પાસેથી ન્યાયની અપેક્ષા રાખી શકાય નહીં પરંતુ આ તમામ હકીકતો અદાલત સમક્ષ ઉજાગર કરતા અદાલત દદ્વારા તમામ હકીકતોની નોંધ લેવી જોઈએ તેવી રજુઆતો કરી તે સંદર્ભેનો પુરાવો ન્યાયાલય સમક્ષ મુકેલ હતો આરોપીને કેસમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆતો કરેલ હતી.

### ફરીયાદી પાસે ૫૦ લાખ જેવી રકમ હોવાની હકીકત જ શંકાસ્પદ છેઃ અદાલતનું તારણ

બન્ને પક્ષકારોની દલીલોના અંતે અદાલત દ્વારા મનીષ બાબુલાલ મહેતાએ દાખલ કરેલ ફરિયાદ કાયદાની પરીભાષા મુજબ ફરિયાદ જ ન હોય અને ક્ષતિયુકત ફરિયાદ હોય ત્યારે ફરિયાદી માત્ર ચેકનો ધારણકર્તા હોવાથી તેની તરફેણનું અનુમાન કરી સજા કરી શકાય નહીં ખાસ કરીને જયારે ફરિયાદી પોતાની પાસે રૂા.૫૦ લાખના જેવી માતબર રકમ કર્યાંથી આવી તે દર્શાવી શકતા ન હોય ત્યારે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટ તપાસ અને પુરાવા ધ્યાને લઈ કારખાનેદાર મહેશ શીવાભાઈ ટીલારાને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો ચુકાદો જાહેર કરેલ હતો. આ કામમાં આરોપી વતી ધારાશાસ્ત્રી તુષાર ગોકાણી, જયેન્દ્ર ગોંડલીયા, રીપન ગોકાણી, પરેશ પટોળીયા, કેવલ પટેલ, હાર્દિક શેઠ, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, ઈશાન ભટ્ટ, વિરમ ધ્રાંગીયા રોકાયેલ છે.

#### પ્રતિક ઉપવાસ પર ઉતરીને આંદોલનના મંડાણ

## હળવદ નગરપાલિકાના સફાઈ કામદારોની બેમુદ્દ્તી હડતાલ



### સફાઈ કામદાર તરીકે ભરતી થયેલા સવર્ણ સમાજના કર્મચારીઓ પાસે પણ સફાઈ કામ કરાવવા માંગણી

(શિવ મયુર દ્વારા)
હળવદ, તા.૫

હળવદમાં સમાજના સફાઈ કામદારો નગરપાલિકા સામે ગાંધી ચિંધ્યા માર્ગે પ્રતિક ઉપવાસ પર ઉતર્યા છે. ૨૦૨૧માં રોસ્ટર મુજબ સફાઈ કામદાર તરીકે ભરતી થયેલ સુવર્ણ સમાજના કર્મચારીઓના વિરોધ દર્શાવતા પોસ્ટર શહેરમાં લગાડ્યા, તે રાત્રી સમયે કોઈ અજાણ્યા શખ્સો ઉતારી જતા ચકચાર મચી જવા પામી છે.

સફાઈ કામદારોએ આજથી ગાંધી ચિંધ્યા માર્ગે પ્રતિક ઉપવાસ ઉતર્યો છીએ જરૂર પડશે તો ઉગ્ર આંદોલન પણ કરશું તેવી ચિમકી આપી હતી.વર્ષ ૨૦૦૧માં રોસ્ટર મુજબ કાયમી સફાઈ કામદારોની ભરતી થયેલ હોય તે સફાઈ કામદારોને વાલ્મિકી સફાઈ કામદાર સાથે સફાઈ કામ પર લાવવાની માંગ કરવામાં આવી છે. હળવદ નગરપાલિકા ખાતે આજરોજ સમસ્ત વાલ્મિકી સફાઇ કામદારો પ્રતિક ઉપવાસ અને અચોક્કસ મુદત માટે હડતાલ પર ઉતરતા પાલીકા તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. હળવદ નગરપાલિકા દ્વારા રોસ્ટર મુજબ ભરતી કરવામાં આવી છે.

ત્યારે સફાઈ કામદાર પાસેથી મૂળભૂત હેતુ મુજબની સફાઈ કામગીરી જ કરાવવામાં ન આવતી હોવાથી સમસ્ત વાલ્મિકી સફાઈ કામદારો દ્વારા રોસ્ટર મુજબ ભરતી થયેલા સફાઈ કામદારો પાસે પણ સફાઇની કામગીરી કરાવવાની માંગ સાથે ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરી આજથી ગાંધી ચિંધ્યા માર્ગે પ્રતિક ઉપવાસ ઉતર્યા છે. જરૂર પડેતો આંદોલનની પણ ચીમકી ઉચ્ચારી હતી.

#### ૧૪ યુગલો પરંપરાગત રીતે પ્રભુતામાં પગલા માંડશે

## અમરેલીમાં લેઉવા પટેલ સમાજનો રવિવારે સમુહ લગ્નોત્સવ

(નટવરલાલ ભાતિયા દ્વારા)
દામનગર, તા.૫

અમરેલી તા.૮ ને રવિવારની સાંજે યોજાનાર લેઉવા પટેલ સમાજના સમુહ લગ્નોત્સવને સફળ બનાવવા તડામાર તૈયારી આખરી ઓપ અપાઈ ગયો છે. જેમાં ચૌદ (૧૪) યુગલો પ્રભુતામા પગલા માંડશે.

સમુહ લગ્નોત્સવની પૂર્વ સંધ્યાએ તા.૭ ને શનિવારની સાંજે સુપ્રસિધ્ધ કલાકારોના સથવારે દાંડીયારાસનું આયોજન કરાયું છે. અમરેલી લેઉવા પટેલ સમાજ દ્વારા તા.૮ ને રવિવારની સાંજે કૃષિ કેન્દ્ર, લીલીયા રોડ ખાતે તેરમાં સમુહ લગ્નોત્સેવનું આયોજન કરવામાં આવ્યું છે.



### પૂર્વ સંધ્યાએ તા.૭મીએ ખ્યાતનામ કલાકારોના સુર-સંગીતના સથવારે ભવ્ય દાંડીયારાસનું આયોજન

લેઉવા પટેલ સમાજના પ્રમુખ કાંતીભાઈ વઘાસિયાના સીધા માર્ગદર્શન તથા દેખરેખ હેઠળ આયોજિત તેરમાં સમુહ લગ્નોત્સવને સફળ બનાવવા સમિતિઓના સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે લગ્નોત્સવની પૂર્વ સંધ્યાએ તા.૭ ની સાંજે રાસગરબા પણ યોજાશે આ તકે પ્રમુખ કાંતીભાઈ વઘાસિયાએ માહિતી આપતા જણાવ્યું હતું કે સમુહ લગ્નોત્સવને સફળ બનાવવા ગુજરાતભરમાંથી દાતાઓ, ઉધોગપતિઓ, રાજસ્વી રત્નો, જિલ્લાના આગેવાનો વિ.ઉપસ્થિત રહીને નવયુગલોને આર્શિવાદ આપશે.

## સાંસદ સંભાજીરાજ છત્રપતિની ઉપસ્થિતિમાં શિવાજી મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

સાંસદ સંભાજીરાજ છત્રપતિની ઉપસ્થિતિમા શિવાજી મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ સાંસદ સંભાજીરાજ છત્રપતિની ઉપસ્થિતિમા શિવાજી મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ સાંસદ સંભાજીરાજ છત્રપતિની ઉપસ્થિતિમા શિવાજી મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી.

કોલ્હાપુર રાજપરિવારના યુવરાજ અને રાજ્યસભાના સાંસદ સંભાજીરાજ છત્રપતિ ગત તા.૩ ના રોજ રાજકોટ શહેરમાં કાર્યક્રમ અંતર્ગત આવેલ. જેના અનુસંધાને સાંસદ સંભાજીરાજ છત્રપતિની ઉપસ્થિતિમા રેસકોર્ષ ખાતે આવેલ છત્રપતિ શ્રી શિવાજી મહારાજની પ્રતિમાને પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયેલ. આ પ્રસંગે રાજ્યસભાના સાંસદસભ્ય રામભાઈ મોકરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મિરાણી, મેયર ડો.પ્રદિપ ડવ, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, પૂર્વ મેયર ઉપસ્થિત રહ્યા હતા.

## લાયન્સ કલબ રાજકોટ મીડટાઉન દ્વારા નિ:શુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

તા. ૦૧૦૫૨૨ના રોજ લાયન્સ કલબ રાજકોટ મીડટાઉન દ્વારા આરોગ્ય કેન્દ્ર રાજકોટ ખાતે યોજાયેલ નિ:શુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનો આશરે ૩૫૦ જેટલા દર્દીઓએ લાભ લીધેલ.

બધાને જરૂરીયાત મુજબ દવાઓ, આંખના નંબર મુજબ ચશ્મા ફ્રીમાં આપેલ, સાથોસાથ બીપી, ડાયાબીટીસ ચેક કરવામા આવેલ અને મહિલાઓને ચેકઅપ કરી જરૂરી દવાઓ વિના મુલ્યે આપવામાં આવેલ.

#### પોસ્ટલ વિભાગના પેન્શનરો દ્વારા

## ૧૧મીએ સુત્રોચ્ચાર કરી લડતના મંડાણ કરશે




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

ઓલ ઇન્ડીયા પોસ્ટલ એન્ડ આરએમએસ પેન્શનર એસોસિએશન દ્વારા આગામી તા.૧૧નાં રોજ વિવિધ પ્રશ્નો સબબ પોસ્ટલ કચેરીઓએ સુત્રોચ્ચાર કરવામાં આવનાર છે. પોસ્ટલ વિભાગનાં પેન્શનરોનાં અણઉકેલ પ્રશ્નો હલ કરવા માટે અગાઉ વારંવાર તંત્રને રજૂઆત કરવા છતાં હજુ સુધી તેનું કોઇ જ પરિણામ હાંસલ થયું ન હોય પેન્શનર એસોસિએશન દ્વારા આ આંદોલનનો માર્ગ અખત્યાર કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

આ અંગે ઓલ ઇન્ડીયા પોસ્ટલ એન્ડ આરએમએસ પેન્શનર એસોસિએશનના એલ.કે. ચાવડા અને અતુલ શેઠે જણાવ્યું હતું કે, સેન્ટ્રલ ગવર્નમેન્ટનાં પેન્શનરો માટે દવાખાનાની વ્યવસ્થા કરવી, સુપ્રિમ કોર્ટના આદેશ મુજબ મેડીકલ એલાઉન્સ તત્કાલ મંજુર કરવું, પ્રાઈવેટ દવાખાનાના પેન્શનરોને આરોગ્ય સેવાનો લાભ આપવો, દરેક જિલ્લામાં વેલનેસ સેન્ટરની વ્યવસ્થા કરવી, મોંઘવારી હપ્તાના જે ૧૮ મહિનાની રકમ સ્થગિત કરવામાં આવી છે તેનું તત્કાલ ચૂકવણું કરવું સહિતના પ્રશ્નો લાંબા સમયથી અધ્ધરતાલ લટકી રહ્યા છે. આ પ્રશ્નોનો ઉકેલ ન આવતા હવે આગામી તા.૧૧ના રોજ પોસ્ટ વિભાગના પેન્શનરો રીજીયોનલ પોસ્ટ ઓફીસ ખાતે સુત્રોચ્ચાર કરી લડતના મંડાણ કરશે.

## શુક્રવારે યોજાનારો જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો મોકુફ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

મદદનિશ નિયામક(રોજગાર)ની કચેરી, રાજકોટ દ્વારા આઇ.ટી.આઇ ખાતે તા.૬ ના રોજ સવારે ૯:૩૦ કલાકે આયોજીત કરવામા આવેલ જિલ્લાકક્ષાનો ઓધૌગિક રોજગાર ભરતી મેળો અનિવાર્ય સંજોગોના કારણોસર હાલ પૂરતો મોકુફ રાખવામાં આવ્યો છે. રાજકોટ જિલ્લાના ઓધૌગીક રોજગાર ભરતીમેળોનું આયોજન નિર્ધારીત થયેથી તારીખ, સમય અને સ્થળની નવેસરથી સબંધિતોને જાણ કરાશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરીના રોજગાર સેતુ કોલ સેન્ટર નં: ૬૩૫૭૩૯૦૩૯૦ પર સંપર્ક સાધવા મદદની શ નિયામક(રોજગાર)ની કચેરીની યાદીમાં જણાવાયુ છે.

## નુનારડા ગામે ખોડિયાર મંદિરે ૧૧મીથી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

(ગોવિંદ હડીયા દ્વારા)
કેશોદ, તા.૫



કેશોદ તાલુકાના નુનારડા ગામે ખોડિયાર મંદિરે સમસ્ત બારીયા પરિવાર દ્વારા ખોડીયાર મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં ખોડીયાર મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે આગામી તા.૧૧ ના રોજ સવારે દેહ શુદ્ધિ, નગર યાત્ર યજ્ઞકાર્ય, જલાધી વાસ, આરતી. તા.૧૨ના રોજ સવારે ગણેશ પુજન ધાન્યા દિવાસ ગૃહ શાંતી તથા પ્રધાનહોમ પ્રાસદ વાસ્તુ તથા દિક્ષુહોમ શયાદીવાસ સાયમ પુજન તેમજ તા.૧૩ ના રોજ સવારે પુજન, સોળસો ઉપચાર પુજન, દેવતાઓનું નિજ મંદિર પ્રવેશ પુજન, ધ્વજારોહણ તથા શિખર પુજન, સાંજે મહાપ્રસાદનું આયોજન અને રાત્રીના લોક ડાયરાનું આયોજન થશે જેમાં લોક સાહિત્યકાર દેવરાજ ગઢવી, લોક સાહિત્યકાર રાજાભાઈ ગઢવી, લોક ગાયક માલદેભાઈ ભેડા તથા લોક ગાયીકા જાહલબેન આહીર સહિતના કલાકારો પોતાની કલા રજુ કરશે.

## BAPS સ્વામિનારાયણ મંદિરે ભગવાનને ચંદનના વાઘાનો શણગાર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટઃ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના શતાબ્દી વર્ષ ઉપક્રમે BAPS સ્વામિનારાયણ મંદિરે ભગવાનને શીતળ ચંદનના કલાત્મક વાઘાના શણગાર દ્વારા અનોખું ભક્તિઅર્ધ્ય અપાઇ રહ્યું છે. શહેરના કાલાવડ રોડ સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરે હરિકૃષ્ણ મહારાજને ચંદનના વાઘાના વિશિષ્ટ શણગાર પૂજારી સંતો પૂ.અધ્યાત્મજીવન સ્વામી, પૂ.અધ્યાત્મતિલક સ્વામી, પૂ.મુનિપ્રિય સ્વામી અને પૂ.ઉત્તમપુરુષ સ્વામી દ્વારા કરવામાં આવી રહ્યા છે. સવારે શણગાર આરતીથી સાંજે સંધ્યા આરતી સુધી ભગવાને ચંદનના શણગારના દર્શન ભાવિકો કરી શકે છે.

## રૂા.૮,૯૭,૦૦૦ ના જુદા-જુદા ૩ ચેકો રિર્ટનના ત્રણેય કેસોમાં આરોપીને ૧-૧ વર્ષની સજા ફરવાતી અદાલત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના વાડલા ગામના ખોળ-કપાસીયા અને કરીયાણાના હોલસેલર વેપારી આરોપી જેરામભાઈ ધરમશીભાઈ ડાભીએ તેના જ એકાઉન્ટન્ટ અને રાજકોટમા કેવડાવાડીમાં રહેતા ફરીયાદી અલ્કેશ મગનભાઈ ઘાટલીયા પાસેથી લીધેલ રકમ રૂા.૮,૯૭,૦ પરત ચુકવવા આરોપીએ રકમ રૂા. ૧,૬૨,૦૦૦ તથા રકમ રૂા. ૪,૧૦,૦૦૦- તથા રકમ રૂમ. ૩,૨૫ ના ઈસ્યુ કરી આપેલા ૩ ચેકો રિટર્ન થતા કેસ ચાલી જતા કેસ સાબિત માની રાજકોટના મહે . એડી ચીફ જયુડી. મેજી. આર.બી.ગઢવી સાહેબે આરોપીને એક-એક વર્ષની સજા તથા રૂા .૮,૯૭ ફરિયાદીને વળત ૨ પેટે એક માસમાં ચુકવવા અને તેમા સુર યે ત્રણેય સોમા વધુ છ-છ માસની સજાનો હુકમ ફરમાવવામાં આવેલ છે.

કેસની હકીક્ત જોઈએ તો , કેવડાવાડી, રાજકોટમા રહેતા અને રાજકોટમા તેમજ સુરેન્દ્રનગર મુકામે એકાઉન્ટન્ટની ઓફીસ ધરાવતા ફરિયાદી અલ્કેશ મગનભાઈ ઘાટલીયા પાસે એકાઉન્ટન્ટનુ કામ કરાવતા સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ તાલુકાના વાડલા ગામના રહીશ આરોપી જેરામભાઈ ધરમશીભાઈ ડાભીએ પોતાના ધંધા માટે મોટા જથ્થામા હોલસેલમા માલ ઉપાડી સ્ટોક કરી રાખવા માટે મીત્રતાના સબંધના દાવે ફરિયાદી પાસેથી આ રોપીએ રૂા.૮,૯૭,૦૦૦ લઈ તે રકમ પરત કરવા રકમ રૂા. ૧,૬૨,૦૦ તથા રકમ રૂા.૪,૧૦,૦૦ તથા રકમ રૂા.૩,૨૫,૦૦ ના ત્રણ ચેકો ઈસ્યુ કરી આપી ચેકો પાસ થઈ જવા આપેલ વચન, વિશ્વાસ અને ખાત્રી મુજબ ન વર્તી ચેકો રિટર્ન થતા આરોપી વિરૂધ્ધ રાજકોટની અદાલતમાં જુદી-જુદી ત્રણ ફરિયાદો દાખલ કરવામાં આવેલ.


એડવોકેટ: સુરેશ ફળદુ

ફરિયાદ પક્ષના પુરાવાનું ખંડનો કરતો ખંડનાત્મક પુરાવો આરોપી રેકર્ડ પર લાવવામાં સફળ થયેલ નથી ત્યારે ફરિયાદીનો કેસો પુરવાર માની ત્રણેય કેસોમા આરોપીને તકસીરવાન ઠેરવી આરોપીને એક-એક વર્ષની સજા ઉપરાંત ચેકોની રકમ ત્રણેય કેસોમા એક માસમા ફરિયાદીને વળતર પેટે ચુકવવા અને તેમા સુર યે ત્રણેય કેસોમા વધુ છ-છ માસની સજા ફરમાવતો સમાચીન્હરૂપ ચુકાદો ફરમાવવામાં આવેલ.

ઉપરોક્ત કામમાં ત્રણેય કેસોમા ફરીયાદી અલ્કેશભાઈ ઘાટલીયા વતી રાજકોટના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃષ્ણાલ શાહી, ચેતન ચોવટીયા, રીપલ ગેવરીયા, પાર્થ સંઘાણી, મંથન વીરડીયા રોકાયેલ હતા.

## લાલાવદરની ત્રણ વિદ્યાર્થિનીઓ ચેસ સ્પર્ધામાં ૧૧મી વખત ઝળકી



(કરશન બામટા દ્વારા)
આટકોટ, તા.૫

રાજકોટ જિલ્લા કક્ષાની ખેલ મહાકુંભ-ચેસ સ્પર્ધામાં ભરાડ વિશ્વ વિદ્યાલય-ત્રમ્બા ખાતે અલગ-અલગ કેટેગરીમાં લાલાવદરના કુલ ૭ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં મેટાળીયા સુજન અશોકભાઈએ પ્રથમ નંબર, નિરાલી સુરેશભાઈ બરોલીયાએ ત્રીજો નંબર અને કિંજલ હેમંતભાઈ મેટાળીયાએ પ્રથમ નંબર મેળવી લાલાવદર ગામ અને શાળાનું ગૌરવ વધારેલ છે. હવે,આગામી સમયમાં લાલાવદર તા. વિંછીયાની આ વિજેતા વિદ્યાર્થીનીઓ ખેલ મહાકુંભમાં સતત ૧૧ મી વખત રાજ્ય કક્ષાએ રાજકોટ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરવાની લાલાવદર પ્રા. શાળાની પરંપરા જાળવી રાખશે.

# રાજકોટમાં સતત ત્રીજા દિવસે વીજતંત્રના દરોડા

## કોઠારીયા રોડ-પ્રહલાદ પ્લોટ-મિલપરા સબ ડીવીઝન હેઠળના ૭ ફીડરોમાં તપાસનો ધમધમાટ, ગઇકાલે ૨૧ લાખની વીજચોરી ઝડપાઇ



(તસવીરઃ દિલીપ ગોહેલ)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૫

સતત ત્રીજા દિવસે વીજ તંત્રે વીજચોરી ઝડપી લેવા દરોડા પાડયા છે, કુલ ૪૨ ટીમો કોર્પોરેટ ડ્રાઇવ હેઠળ રાજકોટ સીટી-૧ ના ત્રણ સબ ડિવીઝનમાં ત્રાટકી છે, મોટા કોર્મશીયલ કનેકશનો-શોરૂમ પણ ઝપટે લેવાયાનું અને રાજકોટ સીટી સર્કલના રાજકોટ સીટી ડિવીઝન -૧ હેઠળ કોર્પોરેટ ચેકીંગ ડ્રાઇવનું આયોજન કરવામાં આવ્યાનું અધિકારી સુત્રોએ ઉમેર્યુ હતું.

કોઠારીયા રોડ સબ ડીવીઝનમાં આવરી લેવામાં આવેલ વિસ્તારોમાં શિયાણી સોસાયટી, સાગર સોસાયટી, મહેશ્વરી સોસાયટી, ભવાની ચોક, ગોકુલનગર, બિસ્મિલ્લા પાર્ક, તક્ષશિલા-૧, અને ૨ ગાયત્રી હોલના વિસ્તારની નજીક, ભરતવનનો સમાવેશ થાય છે.

પ્રહલાદ પ્લોટ ક્ષેત્રમાં આવરી લેવાયેલ વિસ્તારમાં કેનાલ રોડ, ભુપેન્દ્ર રોડ, કોઠારીયા નાકા, દિવાનપરા, સોની બજાર, પેલેસ રોડ તથા મિલપરા સબ ડીવીઝનમાં આવરી લેવામાં આવેલ વિસ્તારમાં ભકિતનગર સોસાયટી, ભકિતનગર સર્કલ પાસેનો વિસ્તાર, કોઠારીયા કોલોની, માસ્તર સોસાયટી, સોરઠીયાવાડી સર્કલનો સમાવેશ થાય છે. જે ફીડરો આવરી લેવામાં આવ્યા છે તેમાં નવદુર્ગા ફીડર, ભકિતનગર ફીડર, ૮૦ ફુટ રોડ ફીડર, ઉદ્યોગનગર ફીડર, અમી ધારા ફીડર, સોની બજાર ફીડર, પેલેસ રોડ, ફીડરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભૂજ સર્કલમાં ભૂજ શહેર-૨, ખાવડા-માધાપરમાં ૩૩ ટીમો દ્વારા તો બોટાદ સર્કલમાં બોટાદ-૨, બરવાળા ક્ષેત્રમાં ૨૮ ટીમો ધોંસ બોલાવી રહી છે. ગઇકાલે રાજકોટ શહેર વર્તુળના રાજકોટ સીટી ડીવીઝન-૨ વિભાગ હેઠળ આયોજિત કોર્પોરેટ ડ્રાઇવમાં સબ ડિવીઝનો બેડીનાકા, પ્રદ્યુમનગર ક્ષેત્રમાં કુલ ૩૭ ટીમો દ્વારા ૧૦૮૬ કનેકશનો ચેક કરી -૧૧૫ માં વીજચોરી ઝડપી લીધી હતી, અને ૨૧ લાખના બીલો ફટકારાયાનું સૂત્રોએ કહ્યું હતું.

# નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા નિઃશુલ્ક સુવર્ણ પ્રાશન કેમ્પ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

નેશનલ યુથ પ્રોજેકટ દ્વારા નિઃશુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન ગાંધીવાદી અને યુવાનોના પ્રેરણામૂર્તિ નેશનલ યુથ પ્રોજેકટના સ્થાપક સ્વાતંત્ર સેનાની સ્વ. ડો.એસ.એન. સુબ્બારાવની સ્મૃતિમાં રાજેશ ભાતેલીયાના માર્ગદર્શન હેઠળ પુષ્ય નક્ષત્રના દિવસે સુવર્ણ પ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આગામી કેમ્પ તા.૭ના સવારે ૧૧-૩૦ થી બપોરે ૧૨-૩૦ સુધી અને સાંજના ૬-૩૦ થી ૭-૩૦ વાગ્યા સુધી ડો.એલ.બી.રાવલને ત્યાં ૧૧૩-મારૂતિ નંદન, ગેલેકસી હોટલ સામે, જવાહર રોડ, પહેલા માળે રાજકોટ ખાતે આયોજન કરવામાં આવે છે. ડો.રાવલ વિનામુલ્યે એક માસથી દસ વર્ષ સુધીના બાળકને સુવર્ણપ્રાશનના ટીંપા પીવડાવશે. રસ ધરાવનારને લાભ લેવા જણાવાયું છે.

**ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા સુરતની મુલાકાતે, ભાજપ પેજ સમિતિના ૩૫ હજાર સભ્યોને કડોદરામાં તા.૭ મેનાં રોજ સંબોધન**

# રાજકોટમાં સિધ્ધ સમાધિ યોગ નિઃશુલ્ક શિબિરનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

રાજકોટમાં ઋષિ સંસ્કૃતિ વિદ્યા કેન્દ્ર, બેંગ્લોર દ્વારા આયોજીત શારિરીક, માનસિક, આર્થિક, આધ્યાત્મિક અને સર્વાંગિક વિકાસ અંગે ઉમા સદન, જે.કે. ચોક, યુનિવર્સિટી રોડ, ખાતે આગામી તા.૭ને શનિવાર થી તા. ૧૫ મે સુધી સિધ્ધ સમાધિ યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

આ પ્રોગ્રામમાં જોડાવા માટે પ્રોગ્રામ અંગે વિગતવાર માહિતી આપતું નિઃશુલ્ક ઈન્ટ્રોડકશન ઉમા સદન, જે. કે. ચોક, યુનિવર્સિટી રોડ, ખાતે તા.૭ને સવારના ૮ કલાકે તથા બીજું ઈન્ટ્રોડકશન સાંજે ૭ કલાકે રાખેલ છે.

આ શિબિરમાં ભાગ લેવા માટે ધર્મેશ તુવાર (મો. ૯૪૨૮૦૧૧૯૧૫), સરજુ ભુવા (મો. ૯૭૨૨૬ ૧૩૦૪૬)સંપર્ક કરવા ડો. બિનેશ પતાણીની યાદીમાં જણાવાયુ છે.

### મોટામવા સીઆરસીનાં ૧૧૫૦ બાળકોને શિક્ષણ કીટ અપાઇ

# પં.દીનદયાળ ઉપાધ્યાય વિચારમંચ દ્વારા વિદ્યાંજલિ

## ભાજપ અગ્રણી રાજુભાઈ ધ્રુવ દ્વારા પ્રતિભાશાહી શિક્ષણનું સન્માન કરાયું



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

રાજકોટ પં. દીનદયાલ ઉપાધ્યાય વિચાર મચં દ્વારા મોટા મવા સી.આર.સીના ૧૧૫૦ બાળકોને સ્કૂલબેગ,નોટબુક તેમજ અન્ય સ્ટેશનરી આપી સમાજસેવાના કાર્યને આગળ ધપાવવા નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. મોટામવા સીઆરસી સેન્ટરની કુલ ૯ સરકારી શાળાના ૧૧૫૦ બાળકોને પંડિત દીનદયાળ ઉપાધ્યાય વિચાર મંચના સંયોજક રાજુભાઇ ધ્રુવ ના પ્રયાસોથી મગનભાઇ ફળદુ, વનરાજભાઇ ગોહિલ તેમજ શિક્ષક પરિમલભાઇ ગોહિલ જેવા સેવાભાવી દાતાઓના સહયોગથી સ્કૂલબેગ, નોટબુક, શબ્દ જગત બુક તેમજ અન્ય સ્ટેશનરી આપી શાળાના શિક્ષકો તેમજ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. મુંજકા પ્રાથમિક શાળામાં વિદ્યાંજલિ કાર્યક્રમનું આયોજન સીઆરસી કો.ઓર્ડિનેટર મુઝમ્મીલભાઇ સુધાગુનિયા તેમજ શાળા સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજકોટ તાલુકાના બીઆરસી કો.ઓડિર્નેટર ભરતભાઇ ગઢવી, માધાપર તાલુકા શાળાના સીઆરસી કો.ઓડિર્નેટર કિશોરભાઇ પરમાર, કાગદડી સીઆરસી કો. યોગેશભાઇ મકવાણા, બેડલા સીઆરસી કો. જયશ્રીબા વાઢેર, રાજકોટ તાલુકાની મોટામવા તાલુકા શાળા, વેજાગામ પ્રા.શાળા, વાજડીવીરડા પ્રા.શાળા, લમીનારાયણ પ્રા.શાળા, કણકોટ પ્રા.શાળા, કૃષ્ણનગર પ્રા.શાળા, રામનગર પ્રા.શાળા, મુંજકા પ્રા.શાળાના કુલ ૫૦ જેટલા શિક્ષકો હાજર રહ્યા હતાં.

આ પ્રસંગે સંયોજક રાજુભાઇ ધ્રુવ, સહયોગી દાતા મગનભાઇ ફળદુ,સહયોગી દાતા વનરાજભાઇ ગોહિલ,સહયોગી દાતા શિક્ષક પરિમલભાઇ ગોહિલ,ભરતભાઇ ગઢવી,મુઝમીલભાઈ સુધાગુનીયા દ્વારા બાળકોને શૈક્ષણિક કિટ વિતરણ કરવામાં આવી.


વેજાગામ પ્રાથમિક શાળાના શિક્ષિકા પ્રફુલ્લાબેન જેસડીયા કે જેમણે વિજ્ઞાન જેવા સંકુલ વિષયને વિવિધ પ્રવૃતિઓ અને પ્રયોગોના મહાવરા દ્વારા સરળ બનાવ્યાં. બે વર્ષથી સીઆરસી તેમજ તાલુકા કક્ષાના વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં પ્રથમ ક્રમાંક મેળવી જિલ્લા કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. તેમના આ કાર્યને બિરદાવતા સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.(૫)

### સીપી અને ડીસીપીની બદલી થઇ ગઇ છતાં તેમની યાદી આજે પણ યથાવત!

# સર, હવે પોલીસ કમિશનર કચેરીમાં બદલાવ લાવવાની જરૂર છે

## મુલાકાતીઓની યાદી માટે રખાતા બોર્ડમાં આજે પણ જુના ડીસીપીના નામો યથાવત!





મુલાકાતીઓ માટે અગત્યની સુચના

(૧) મુલાકાતીઓએ પ્રથમ વિઝીટર પાસ મેળવવાનો રહેશે.

શ્રી મનોહરસિંહ એન. જાડેજા, નાયબ પોલીસ કમિશ્નર, ઝોન-૨,

શ્રી રવિમોહન સૈની (આઇ. પી. એસ.), નાયબ પોલીસ કમિશ્નર, ઝોન-૧,

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૫

રાજકોટ શહેર પોલીસના થોડા સમયથી ગ્રહ નબળા ચાલતા હોવાને કારણે ચર્ચાના ચકડોળે રહી હતી. પણ તેમાંથી બહાર નીકળવા અનેક પરીવર્તનો પણ લાવવામાં આવી રહયા છે. પણ એક જુની કહેવત છે ને કે હંમેશા પરીવર્તનની સાથે બધો બદલાવ પણ જરૂરી હોય છે. તે રીતે પોલીસ વિભાગમાં પરીવર્તન થઇ ગયું પણ પોલીસ કમિશનર કચેરીમાં પરીવર્તન થતું અટકી ગયું એટલે કે પોલીસ કમિશનર કચેરી ખાતે આવતા મુલાકાતીઓને માહિતી માટે અને સુચનાઓ માટે એક બોર્ડ રાખવામાં આવ્યું છે.

આ બોર્ડમાં ઝોન-૧ અને ૨ ના વિસ્તારના પોલીસ સ્ટેશનના નામો તેમજ તેમના ડીસીપીના નામો તેમજ અન્ય સુચનાઓ આપવામાં આવી છે. પરંતુ સમયની સાથે અધિકારીઓની બદલી થઇ ગઇ પણ આજે પણ તેની યાદી પોલીસ કમિશનર કચેરીનું આ બોર્ડ કરાવે છે. મુલાકાતીઓ પણ આજે પણ તેમનું નામ જોઇને વીચારે છે કે ખરેખર તેની બદલી થઇ જ ગઇ છે કે નહીં!! પરંતુ હકીકતને તો સ્વીકારવી પડે કે હા બદલી તો થઇ ગઇ છે પરંતુ આજે પણ તેની યાદી અહીંયા છે. નવા ડીસીપીઓએ પણ પોતાનું નામ અહીંયા હોય કે ન હોય તે અંગે કંઇ નહીં વિચાર્યુ હોય તેને એમ હશે કે આપડુ નામ નહીં કામ બોલશે!!

પોલીસના ઉચ્ચ અધિકારીઓને આ બાબત કદાચ ધ્યાનમાં નહીં આવી હોય બાકી તો આ ભુલ રહેવા ન દે. નવા પોલીસમાં આ જુના નામો કે દિવસે બદલાશે એ તો ખબર નહીં પરંતુ બદલવા જરૂરી છે અને ડીસીપી ક્રાઇમનું નામ પણ ઉમેરવુ પડશે કારણકે મુલાકાતીઓને આ અંગે યોગ્ય માહિતી મળી રહે એન જાણકારી મળે તે હેતુથી આ બદલાવ જરૂરી જણાય છે. હવે આગામી દિવસોમાં આ બદલાવ ક્યારે આવે તે જોવાનું રહ્યું.(૪)

# આર્ય સમાજ દ્વારા મહિલા યોગશિબિરનું આયોજન

## શિબિરમાં ભાગ લેવા વહેલી તકે નામ નોંધાવવા સંસ્થાનો અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

આર્ય સમાજ (હાથીખાના) રાજકોટ દ્વારા આયોજીત યોગ શિબિરમાં યોગાસનો દ્વારા વિવિધ પ્રકારના શારીરિક, માનસીક રોગોથી મુકત થવા આચાર્યા શીતલજી, ડો. સદગુણાબેન અને ભાવનાબેન આર્યા દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. શિબિરનું આયોજન આગામી તા.૭ થી તા.૧૦ મે સુધી સવારે ૬ થી ૮:૩૦ અને બપોરે ૪:૩૦થી ૭ સુધી આર્ય સમાજ માયાણીનગર, આર્ય સમાજ માર્ગ, નાના મવા રોડ પાસે રાખેલ છે.

શિબિરમાં ૧૨ થી ૫૦ વર્ષ સુધીના બહેનો ભાગ લઇ શકશે. શિબિરમાં ભાગ લેવા સવારે નાસ્તો કર્યા વગર સમયસર આવવાનું રહેશે. મર્યાદિત સંખ્યામાં પ્રવેશ અપાશે. વહેલી તકે નામ નોંધાવવા પ્રમુખ રણજીતસિંહ પરમારએ જણાવ્યું છે.(૧૩)

### સાવરકુંડલામાં આખાત્રીજ નિમિત્તે

# બારસો મણ ચારો વિવિધ ગૌશાળામાં અર્પણ કરાયો



(અમીતગીરી દ્વારા)
સાવરકુંડલા, તા.૫

અખાત્રીજ નિમિતે સાવરકુંડલા શહેર અને તાલુકાની વિવિધ ગૌશાળામાં નરસિંહભાઈ ડોબરીયા દરેડવાળા હસ્તે જયેશભાઈ માટલીયા સાવરકુંડલાવાળા દ્વારા બારસો મણ મકાઈ, જુવારનો લીલો ચારો વિવિધ ગૌશાળામાં અર્પણ કરવામાં આવ્યો હતો.

શહેરની શિવાજીનગર ગૌશાળા, બજરંગદાસ ગૌશાળા, શ્રીકૃષ્ણ ગૌશાળા, સાંગાબાપા ગૌશાળા, સમર્પણ ગૌશાળા, કુંડલા ગૌશાળા ઉપરાંત કરજાળા ખાતે આવેલ ચતુરભગતની ગૌશાળા, રાજુલાના વાવેરા ખાતે આવેલ હનુમંત ગૌશાળા વગેરે ગૌશાળા અને શહેરના વિવિધ વિસ્તારોની ગાયો અને નંદીઓને બારસો મણ કરતા વધુ લીલો ચારો અર્પણ કરવામાં આવ્યો હતો.

આ તકે ગૌસેવક પ્રતાપભાઈ ખુમાણ, અમરૂભાઈ ખુમાણ, અતુલભાઈ જાની ફૌજી, હર્ષદભગત કાબરીયા, હોમગાર્ડ ઓફિસર અમીતગીરી ગોસ્વામી વગેરે દ્વારા ગૌસેવા કરી ચારો પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમ આજીવન ગૌસેવક અને દાતા જયેશભાઈ માટલીયાની યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

### સરગમ કલબ અને સરગમ લેડિઝ કલબ દ્વારા આયોજન

# મહિલા સમર ટ્રેનિંગ કલાસનો રવિવારે ઉદ્‌ઘાટન સમારોહ

## કોટક સ્કૂલ ખાતે રવિવારે સાંજે ૫ વાગ્યે મેયર ડો. પ્રદિપ ડવનાં હસ્તે સમર કેમ્પ ખુલ્લો મુકાશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

વેકેશનનાં સમયગાળાનો બહેનો સદુપયોગ કરી શકે તે હેતુથી સરગમ લેડીઝ કલબના ઉપક્રમે ફક્ત બહેનો માટેના સમયે ટ્રેનિંગ ક્લાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમર ટ્રેનિંગ ક્લાસ આગામી તા.૮/૫ થી તા. ૧૮/૫ સુધી કોટક સ્કૂલમાં દરરોજ સાંજના ૫ થી ૭ સુધી યોજાશે. સમર ટ્રેનિંગ ક્લાસનો ઉદઘાટન સમારોહ તા.૮/૫ને રવિવારના રોજ સાંજે ૫ કલાકે યોજાશે.

સમર ટ્રેનિંગ ક્લાસનું ઉદઘાટન રાજકોટના મેયર ડો.પ્રદીપભાઈ ડવ હસ્તે કરવામાં આવશે. આ સમારોહના પ્રમુખ સ્થાને કલેકટર મહેશ બાબુ, મુખ્ય મહેમાન તરીકે કમલેશભાઈ મીરાણી (રાજકોટ શહેર ભાજપ-પ્રમુખ), પુષ્કરભાઇ પટેલ (સ્ટેન્ડિંગ કમિટી-ચેરમેન), ચંદ્રકાન્તભાઈ શેઠ (મહાવીર સેવા ટ્રસ્ટ-ચેરમેન), અશોકકુમાર ઝીંઝુવાડીયા (રાધિકા જવેલર્સ), હર્ષદભાઈ માલાણી (ચેરમેન-રાજ બેંક), યુસુફભાઈ માંકડા (જોહર કાર્ડ્સ), નવીનભાઈ ઠક્કર (રાજકોટ કેળવણી મંડળ-ટ્રસ્ટી), હરીશભાઈ લાખાણી (અગ્રણી ઉદ્યોગપતિ), નાથાભાઈ કાલરીયા (સન ફોર્જ પ્રા. લી.) અતિથી વિશેષ તરીકે હંસાબેન મણિયાર, જયોતિબેન ટીલવા, જયોતિબેન રાજયગુરુ, જયશ્રીબેન સેજપાલ, ચંદ્રિકાબેન ધામેલીયા, કાંતાબેન કથીરિયા, હેલીબેન ત્રિવેદી, કાશ્મીરાબેન નથવાણી, લત્તાબેન તન્ના, આશાબેન શાહ, રેણુકાબેન યાજ્ઞીક, શીલાબેન ચાંદરાણી ખાસ ઉપસ્થિત રહેશે.

આ સમર ટ્રેનિંગ કલાસમાં વિવિધ વિષયોના નિષ્ણાંત ત્યુતાર્સ દ્વારા ૩૨ વિષયોની તાલીમ આપવામાં આવશે. આ સમય ટ્રેનિંગ ક્લાસમાં દર વર્ષે ૫૦૦ થી વધુ બહેનો ભાગ લેતા હોય છે. સરગમ લેડીઝ કલબના સમર ટ્રેનિંગ ક્લાસના આયોજનમાં રાજબેંક, બાન લેબ્સ કંપની, મહાવીર સેવા ટ્રસ્ટ, રાધિકા જવેલર્સ, જોહર કાર્ડસનો ખાસ સહયોગ મળ્યો છે. આ સમર ટ્રેનિંગ ક્લાસના ફોર્મ સરગમ કલબની ઓફીસ જાગનાથ મંદિર ચોક, ડો. યાજ્ઞીક રોડ તેમજ સ્થળ ઉપર પણ મેળવી ભરી શકાશે. અને સર્ગમ ટ્રેનીંગ ક્લાસમાં ભાગ લઇ શકાશે.

આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ મૌલેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સરગમ લેડીઝ કલબના ડો. ચંદાબેન શાહ, નીલુબેન મહેતા, ડો. માલાબેન કુંડલીયા, જશુમતીબેન વસાણી, રેશ્માબેન સોલંકી, અલ્કાબેન કામદાર, ભાવનાબેન માવાણી, ભાવનાબેન ધનેશા,સુધાબેન ભાયા, ચેતનાબેન સવજાણી, ગીતાબેન હિરાણી, અલ્કાબેન ધામેલીયા, માંધુરીકાબેન જાડેજા, જયશ્રીબેન વ્યાસ, તેમજ લેડીઝ કલબના ૭૫ થી વધુ કમિટી મેમ્બર જહેમત ઉઠાવી રહ્યા છે.(૫)

# ગુજરાતમાં ઉનાળુ વાવેતરમાં સૌરાષ્ટ્ર બીજા ક્રમે

## રાજ્યમાં મુખ્યત્વે મગ, મગફળી, તલ, બાજરીના બીજ રોપાયા

રાજકોટ તા.૫

ગુજરાત ઉનાળુ વાવેતરમાં સૌરાષ્ટ્ર બીજા ક્રમે આવ્યું છે. ગુજરાતમાં મુખ્યત્વે ખરીફ પાક અને રવિ પાક લેવામાં આવે છે. જ્યાં પાણીની સુવિધા હોય તેવા વિસ્તારોમાં ખેડૂતો ટુંકા ગાળાનો ઉનાળુ પાક પણ લ્યે છે. રાજ્યમાં આ વર્ષે ૧૧,૨૫,૭૦૪ હેકટરમાં ઉનાળુ વાવેતર થયું છે. તે ટકાવારીની દષ્ટિએ ૧૨૫.૩૦ ટકા જેટલું થાય છે. ગયા વર્ષ કરતા આ વર્ષે ૮૪૬૦૩ હેકટરમાં વધુ વાવેતર થયું છે.

ઉનાળુ વાવેતરનો સમયગાળો પૂરો થઇ ગયો છે. સરકારી આંકડા સામે આવી ગયા છે. તા.૨ મેની સ્થિતિએ કચ્છમાં ૨૮૮૦૦, ઉત્તર ગુજરાતમાં ૪૧૮૬૦૦, મધ્ય ગુજરાતમાં ૨૩૬૫૦૦, સૌરાષ્ટ્રમાં ૩૫૭૦૦૦ અને દક્ષિણ ગુજરાતમાં ૮૪૮૦૦ મળી કુલ ૧૧,૨૫,૭૦૦ હેકટરમાં વાવેતર થયું છે. ઝોન વાઇઝ આંકડાઓ જોતા ઉત્તર ગુજરાત પ્રથમ ક્રમે અને સૌરાષ્ટ્ર બીજા ક્રમે છે. ઉનાળામાં મુખ્યત્વે મગફળી, મગ, તલ અને બાજરી તથા ઘાસચારાનું અને શાકભાજીનું વાવેતર કરવામાં આવ્યું છે જે તે વિસ્તારની જમીન સહિતની બાબતોને ધ્યાને રાખીને ખેડૂતો વાવેતરનો પ્રકાર પસંદ કરે છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ ૬૯,૬૦૦ હેકટરમાં વાવેતર ભાવનગર જિલ્લામાં થયું છે. સૌથી ઓછું માત્ર ૭૬૦૦ હેકટરમાં વાવેતર બોટાદ જિલ્લામાં થયું છે. સૌરાષ્ટ્રમાં મુખ્યત્વે મગ, મગફળી અને તલનું વાવેતર છે. આખા રાજ્યમાં સૌથી વધુ બાજરી બનાસકાંઠા જિલ્લામાં ૧,૬૧,૫૦૦ હેકટરમાં વાવવામાં આવી છે. મોટાભાગના ખેડૂતો હવે સારા ચોમાસાની આશા સાથે ખરીફ પાકની વાવણીની પૂર્વ તૈયારીમાં લાગ્યા છે.

PACKAGINGHUB
प्रोडक्ट आपका, सजावट हमारी ।
Hitesh Kakadia | 93777 75636
6-Mira Udhyog, Plot No.27,
Nr, Ajay Weight Brige Rajkot-360003
www.packaginghub.in e-mail : hitesh@packaginghub.in

Dt.05-05-2022 8
ગુરૂવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# રાજકોટ જિલ્લામાં ઈ-મેમાનો દંડ રૂ.૧૧૩.૬૦ કરોડનો બાકી

## અમદાવાદમાં ઈ-મેમો ફટકારવાનો ખર્ચ રૂ.૭.૨૯ કરોડ, વસુલાત માત્ર ૧૪.૫૨ કરોડઃ ગુજરાતમાં ઈ-મેમોનાં રૂ.૩૦૯ કરોડની વસુલાત બાકી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અમદાવાદ, તા.૫

ગુજરાતમાં ટ્રાફિક નિયમોનાં ભંગ બદલ વાહન ચાલકોને ઈ-મેમો દ્વારા દંડ ફટકારવાની કાર્યવાહી કરવામાં આવે છે. પરંતુ બહુ ઓછી રકમની વસુલાત કરી શકાતી હોવાનું ખૂદ પોલીસ દ્વારા જાહેર થતા આંકડા દર્શાવે છે. રાજ્યમાં ઈ-મેમોનાં કુલ રૂ.૩૦૯ કરોડની વસુલાત બાકી છે. અમદાવાદમાં તો સોના કરતા ઘડામણ મોંઘુ જેવું થયું છે. ઈ-મેમો ફટકારવા માટે ટ્રાફિક પોલીસને રૂ.૭.૨૯ કરોડનો ખર્ચ થયો છે અને વસુલાત માત્ર રૂ.૧૪.૫૨ કરોડની થઇ છે.

રાજ્યમાં કુલ ૫૬,૧૭,૫૪૫ ઈ-મેમો ફટકારવામાં આવ્યા છે અને રૂ.૩૦૯ કરોડ અને ૩૩ લાખ જેવો દંડ વસુલ કરવાનો બાકી છે. ટ્રાફિક પોલીસ જયારે ઈ-મેમો ફટકારે છે ત્યારે એક મેમો દીઠ રૂ.૪૦નો ખર્ચ થાય છે.

અમદાવાદ જિલ્લામાં કુલ રૂ.૭ કરોડ ૨૯ લાખ નો ખર્ચ તો ઈ-મેમો ફટકારવામાં જ થઇ ગયો છે. કુલ ૧૮૨૩૬૦૨ જેટલા ઈ-મેમો ફટકારવામાં આવ્યા છે અને વસુલાત માત્ર રૂ.૧૪.૫૨ કરોડ જેટલી થઇ છે. અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ રકમ દંડ પેટે લેણી નીકળે છે. વાહન ચાલકોએ રૂ.૧૦૭.૭૧ કરોડનો દંડ ભર્યો નથી. ટ્રાફિક પોલીસ વાહન ચાલકોને રસ્તા પર ઉભા રાખીને દંડ વસુલતી હતી. જેની સામે ફરિયાદો થતા એવી ઝુંબેશ બંધ કરવામાં આવી છે.

અમદાવાદ જિલ્લામાં કુલ ૧૮૨૩૬૦૨ ઈ-મેમો સામે રૂ.૧૪.૫૨ કરોડનો દંડ વસુલાયો છે. રાજકોટ જિલ્લામાં માત્ર રૂ. ૧૭.૫૭ કરોડનો દંડ વસુલી શકાયો છે જયારે રૂ. ૧૧૩.૬૦ કરોડનો દંડ વસુલવાનો બાકી રહ્યો છે. સુરત જિલ્લામાં ફક્ત રૂ. ૧.૧૫ કરોડનો દંડ વસુલાયો છે. જયારે રૂ. ૯.૮૪ કરોડ વસુલવાના બાકી છે. આવી જ હાલત વડોદરા અને ગાંધીનગર જિલ્લાની પણ છે.(૨.૧૨)

## પ્રશાંત કિશોરની મહત્વપૂર્ણ જાહેરાત, અત્યારે કોઈ નવા પક્ષની રચના નહીંઃ બિહાર ઉપર પૂરેપૂરું ધ્યાન કેન્દ્રિત, ત્રણ હજાર કિ.મી. ની પદયાત્રા શરૂ કરશે



# રાજ્યમાં સરકારી અને અનુદાનિત શાળાઓમાં કોચિંગનાં નામે ગોરખધંધા

## કોચિંગ ક્લાસ ઓનર્સ એસોસિએશન રાજકોટની જિલ્લા શિક્ષણાધિકારીને ચોંકાવનારી લેખિત રજૂઆતઃ અનેક પ્રકારની ગેરરીતિઓ થતી હોવાના ગંભીર આક્ષેપો



(તસવીરઃ દિલીપ ગોહેલ)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

રાજકોટ કોચિંગ ક્લાસ ઓનર્સ એસોસિએશને જિલ્લા શિક્ષણાધિકારીને એક ખાસ આવેદનપત્ર પાઠવી રાજ્યમાં સરકાર સંચાલિત અને અનુદાનિત મોટાભાગની શાળાઓમાં કોચિંગનાં નામે ગેરકાયદે ગોરખધંધા ચલાવીને વાલીઓને લૂંટવામાં આવી રહ્યા હોવાની ગંભીર ફરિયાદ કરી છે. લેખિત આવેદનમાં એસોસિએશને છડેચોક પેપરલીક કરાવી માર્ક્સની લ્હાણી કરાતી હોવાનું અને કેટલાક શિક્ષકો બોર્ડનાં પેપર ચેકિંગમાં દાંડાઈ કરતા હોવાનું રજૂઆતમાં જણાવ્યું છે. વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સાથે ચેડા કરતી પ્રવૃતિઓ પર અંકુશ મૂકી તાત્કાલિક કડક કાર્યવાહી કરવા એસો એ માંગણી કરી છે.

આ પત્રની નકલ વડાપ્રધાન, દેશના શિક્ષણમંત્રી, ગુજરાતનાં ગવર્નર, મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને પણ પાઠવવામાં આવી છે.

એસોસિએશને આવેદનપત્રમાં એવા ગંભીર આક્ષેપો કર્યા છે કે, મોટાભાગની સરકારી અને અનુદાનિત શાળાઓમાં શાળા સિવાયનાં સમય દરમ્યાન માત્ર વાલીઓને લૂંટવાની માનસિકતાથી ગેરકાયદે કોચિંગ ક્લાસ ચલાવવામાં આવે છે. એટલે કોચિંગ ક્લાસ ઓનર્સ એસો. અને ફેડરેશન ઓફ એકેડેમિક એસો ગુજરાત વતી અમે

### વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સાથે ચેડા બંધ કરાવી કડક કાર્યવાહી કરવા માંગણી

ધ્યાન દોરવણી નૈતિક ફરજ બજાવી રહ્યા છીએ. આવી શાળાઓનાં પ્રિમાઈસીસમાં માત્ર પૈસા રળવા ખાતર ગેરકાયદેસર બહારનાં શિક્ષકોને બોલાવીને વાલીઓ પાસેથી નાણાં ઉઘરાવીને ગેરકાયદે ટ્યુશન વર્ગો પ્રિન્સિપાલ અને મેનેજમેન્ટ જ ગોઠવણ કરી આપતા હોવાનું કહેવાય છે. જે વિદ્યાર્થી કે વાલી સહમત ન થાય એમને માનસિક ત્રાસ આપવામાં આવે છે. આ ગોરખધંધા પર તુરંત અંકુશ મુકવો જોઈએ.

આવેદનમાં માર્ક અંગે પણ એવી રજુઅતા કરવામાં આવી છે કે, આવા કેટલાક સરકારી શિક્ષકો ધો.૮ તથા ૯નાં વિદ્યાર્થીઓને શાળા સમય પછીનાં કલાકોમાં પોતાની પાસે જ ટ્યુશન રાખવું એવી ફરજ પાડે છે. બાદમાં એ શાળામાં જે પરીક્ષા લેવાય તેનું આખે આખું પેપર જ એ વિદ્યાર્થીઓને આપી દેવાય છે. ઉપરાંત બોર્ડની પરીક્ષામાં અગત્યનો ભાગ ભજવતા ઈન્ટરનલ માર્ક્સ વધારી આપવાની લાલચ દઈ સરકારી જગ્યાઓ પર આવા શિક્ષકો મોંઘા પગાર લેતા હોવા છતાં ખુલ્લેઆમ ગોરખધંધા ચલાવી રહ્યા છે. ઉજે રીતે પીટીસીની પરીક્ષામાંથી ઈન્ટરનલ માર્ક્સ કાઢી નાખવામાં આવ્યા છે. એવું જ બોર્ડની પરીક્ષાઓમાં કરવું જોઈએ. જેથી વિદ્યાર્થીઓનું અને વાલીઓનું માનસિક, સામાજીક તથા આર્થિક શોષણ અટકાવી શકાય.

આવેદનમાં બીજે ગંભીર બાબત તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે કે, બોર્ડ પરીક્ષાનાં પેપર ચેક કરવાની દરેક શિક્ષકની જવાબદારી છે. છતાં કેટલાક સરકારી શિક્ષકો અને અનુદાનિત શાળાઓનાં કેટલાક શિક્ષકો સરળતાથી તેમાંથી છટકી જાય છે. આવા શિક્ષકો સામે તપાસ કરીને કડક કાર્યવાહી કરવા અને વિદ્યાર્થીહિત વિરોધ્ધી પ્રવૃત્તિ બંધ કરાવવા એસોસિએશને અપીલ કરી છે.(૨.૧૨)

# રાજકોટઃ ચંદ્રેશ નગર મેઈન રોડ પર પાર્કિંગ તથા માર્જીંગમાં થયેલા દબાણો દૂર કરાયા





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૫

શહેરના જાહેર માર્ગોપર વાહન પાર્કિંગની સમસ્યાને અંતર્ગત કમિશ્નર દ્વારા રજુ કરાયેલ એકશન પ્લાન અંતર્ગત મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા આજે રોજ વન વીક વન રોડ અંતર્ગત શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારના ચંદ્રેશનગર મેઈન રોડ પરના પાર્કિંગ તથા માજીર્નમાં થયેલ દબાણો/ગેરકાયદેસર

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટ પાસે ખીરસરાનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર 'આઈસીયુ'માં..!!

**છેલ્લા ત્રણ મહિનાથી એકપણ ડોક્ટર ન હોવાથી દર્દીઓ હેરાન-પરેશાન**

## દવાઓ અને ડોકટરોનાં દુકાળને કારણે લોકોને સામાન્ય બિમારીમાં પણ રાજકોટ સુધીનાં ધક્કા, દવા કરતા વધુ પ્રવાસનો ખર્ચ થવાથી ભારે હાડમારી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

રાજકોટ નજીક આવેલા ખીરસરા ગામનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું જ સ્વાસ્થ્ય એકદમ બગડી ગયું છે. પરિણામે ખીરસરા અને આસપાસનાં ગામોનાં સેંકડો લોકો માટે આરોગ્ય કેન્દ્ર માથાનો દુઃખાવો બની ગયું છે. એવી ગંભીર ફરિયાદ લોકો પાસેથી જાણવા મળી છે કે, છેલ્લા ત્રણ મહિનાથી આરોગ્ય કેન્દ્રમાં એકપણ ડોક્ટર નથી. પરિણામે નિદાન અને સારવારની કામગીરી સદંતર ઠપ્પ થઇ જવા પામી છે અને ગ્રામજનો હેરાન- પરેશાન થઇ ગયા છે. ગ્રામ્ય પ્રજાનાં આરોગ્યની રક્ષા માટે સરકારે ઉભું કરેલું આરોગ્ય કેન્દ્ર ખૂદ આઈસીયુના બિછાને પહોંચી ગયું છે.

દવાઓ અને ડોકટરોના દુકાળને કારણે ખીરસરા અને બાજુના ગામમાંથી આવતા લોકોને ગામમાં દવાખાનું હોવા છતાં સારવાર અને દવા કરાવવામાં નવ નેજા પાણી ચડી ગયા જેવો કપરો અનુભવ થાય છે કેમકે સામાન્ય તાવ-શરદી જેવી બિમારી માટે પણ દવા લેવા છેક રાજકોટ સુધી ધક્કો ખાવો પડે છે અને 'સોના કરતા ઘડામણ મોંઘુ' એવો તાલ સર્જાય છે. દવાનાં ખર્ચ કરતા પરિવહનનો ખર્ચ વધી જતો હોય છે. પરિણામે સેંકડો પરિવારો ભારે હાડમારીમાં મુકાઇ જવા પામ્યા છે.

ગુજરાતમાં આરોગ્ય સેવાઓ દૂર-દૂરનાં અને ઊંડાણનાં વિસ્તારો સુધી પહોંચાડવા સરકાર ભારે પ્રયાસો કરી જંગી રકમની ગ્રાન્ટ પણ ફાળવતી રહે છે પરંતુ ખીરસરાનું આરોગ્ય કેન્દ્ર જિલ્લા અને તાલુકા વિભાગનું ઓરમાન સંતાન હોય એમ અહીં કોઈ જાતની સગવડો જોવા મળતી નથી. ડોક્ટર વિના જ આરોગ્ય કેન્દ્રનું ગાડું ગબડાવવામાં આવી રહ્યું છે. ત્રણ-ત્રણ મહિનાથી એકપણ ડોકટર કાયમી નોકરી પર નિયુક્ત કરાયા નથી અને વિઝીટમાં પણ કોઈ આવતું નથી.

એવી કડવી ફરિયાદ ગ્રામજનોએ કરી છે. લોકોનું આરોગ્ય વધુ જોખમમાં મુકાઇ એ પહેલા અહીં તાત્કાલિક ડોકટરની નિયુકિત કરવામાં આવે એવી જોરદાર લોકલાગણી છે.(૨.૧૨)

# ધગધગતું ગુજરાતઃ રાજકોટ અને અમદાવાદ સૌથી વધુ ગરમ

## મોટાભાગનાં શહેરોમાં ૪૨ ડિગ્રી મહતમ તાપમાનઃ સૌરાષ્ટ્ર અને રાજ્યભરમાં ગરમી ઠરવાનું નામ લેતી નથી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાં ગરમીનું અકળાવી નાખનારું ભયાનક મોજું યથાવત રહ્યું છે. રાજ્યનાં ૭ થી વધુ શહેરોમાં તો તાપમાનનો પારો મહતમ ૪૨ ડિગ્રી સુધી પહોંચી જતા લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આજે અમદાવાદ અને રાજકોટ રાજ્યનાં સૌથી વધુ ગરમ શહેરો રહ્યા હતા. જ્યાં તાપમાન અનુક્રમે ૪૨.૪ અને ૪૨.૩ ડિગ્રી નોંધાયું હતું. આ રીતે મે મહિનાનાં પ્રારંભથી જ ગરમી હાહાકાર મચાવવા લાગી છે.

વરસાદની આગાહી વચ્ચે સૌરાષ્ટ્રમાં હજુ ક્યાંય કમોસમી વરસાદ થયો નથી. કેટલાક શહેરોમાં વાદળો દેખાયા છે. પણ હજુ પાંચ દિવસ સુધી તાપમાન સુકું રહે અને કંડલા સહિત કચ્છભરમાં હીટવેવ વધુ આકરું બને તેવી હવામાન ખાતાએ આગાહી કરી છે. અમદાવાદમાં આવનારા દિવસોમાં હજુ તાપમાન ઊંચકાઈને ૪૨ ડિગ્રીની પાર થઇ જાય તેવી શક્યતા વચ્ચે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આજે નોંધાયેલા તાપમાનનાં આંકડામાં અમદાવાદમાં ૪૨.૪, રાજકોટ ૪૨.૩, જૂનાગઢ ૪૨, અમરેલી ૪૧, કંડલા ૪૦.૫, વડોદરા ૪૦.૨ અને ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી મહતમ તાપમાન નોંધાયું હતું. તેનાથી લોકો પરસેવે રેબઝેબ થઇ ગયા છે. વધતી જતી ગરમીની સાથે લૂ લાગવાના બનાવો પણ વધી રહ્યા છે અને રોગચાળો વકરી રહ્યો છે. રાજ્યમાં ગયા એક સપ્તાહમાં જ ગરમીનાં પ્રકોપથી ૬૭૦૦ લોકો માંદા પડી ગયા હતા. બેભાન થવાનાં જ ૧૧૫૮ કેસ નોંધાયા હતા. બાળકોમાં ઝાડા- ઉલ્ટીનાં પણ કેસ વધી રહ્યા છે. પરિણામે અમદાવાદ સિવિલ અને સોલા સિવિલમાં ખાસ હીટસ્ટ્રોક વોર્ડ ઉભા કરાયા છે.(૨.૧૨)

## રાજકોટ સિટી બસના ૧૨ કંડકટર ઘરભેગા, ૩ સસ્પેન્ડ

# ૨ એજન્સીને રૂ.૨.૪૨ લાખનો દંડ ફટકારાયો



## ટિકિટ વગર ફરતા ૧૧ મુસારો ઝડપાતા રૂ.૧૨૧૦નો દંડ કરાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૫

રાજકોટ બીઆરટીએસ અને સિટી બસમાં મનપા દ્વારા ચેકીંગ કામગીરી હાથ ધરવામાં આવેલ. ચેકીંગ દરમ્યાન ગેરરીતિ આચરનાર ૧૨ કંડકટરને ફરજમુક્ત, ૩ને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. જ્યારે કામમાં ક્ષતિ બદલ અલગ અલગ કામ કરતી ૨ એજન્સીને રૂા.૨.૪૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.


રાજકોટ રાજપથ કંપનીના રિપોર્ટમાં જણાવ્યા મુજબ તા.૨૫-૪ થી તા.૧-૫ સુધીમાં ૧,૧૨,૮૦૦ કિ.મી. ચાલેલી સિટી બસમાં ૧.૯૬ લાખ મુસાફરો ફર્યા હતા. આ બસ સેવામાં જુદી-જુદી ક્ષતિ બદલ ૬,૧૨૫ કિ.મી. લેખે બસ ઓપરેટર મારુતિ ટ્રાવેલ્સને ૨,૧૪,૩૭૫લાખનો દંડ કરવામાં આવ્યો છે તો ફેર કલેકશન કરતી અલ્ટ્રામોડેન એજન્સીને રૂા.૨૮,૪૦૦ની પેનલ્ટી કરાઈ છે.

સિટી બસમાં સિક્યુરીટી સંભાળતી નેશનલ સર્વિસને રૂા.૩,૪૧૦ની પેનલ્ટી કરાઈ છે જયારે ટીકીટ વગર પકડાયેલા ૧૧ મુસાફર પાસેથી રૂા.૧૨૧૦નો વહીવટી ચાર્જ વસુલવામાં આવ્યો હતો. આ જ રીતે બીઆરટીએસ રુટ પર દોડતી ૧૮ ઇલે. બસમાં અઠવાડિયામાં ૧.૫૮ લાખ મુસાફરોએ લાભ લીધો હતો.




## રાજકોટ આર.ટી.ઓ દ્વારા વ્હીકલ પોલિસી હેઠળ અપાતો લાભ

# ૩૭૪ ઇ-વાહનોને રૂ.૧.૦૨ કરોડની અપાઇ સબસીડી




## ઈ-વ્હીકલ ખરીદનારને ટુ-વ્હીલરમાં રૂ.૨૦ હજાર, થ્રી-વ્હીલરમાં રૂ.૫૦ હજાર અને ફોર-વ્હીરલમાં રૂ.૧.૫૦ લાખ સુધીની અપાતી સબસીડી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૫

રાજ્ય સરકાર દ્વારા ઇલેક્ટ્રિક વાહનોનો વ્યાપ વધે અને પર્યાવરણને નુકસાનથી બચાવવા માટે પ્રોત્સાહન રૂપે જુદા જુદા પ્રકારે સબસીડી આપવામાં આવતી હોય છે.

વાહન વ્યવહાર વિભાગ દ્વારા ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીક વ્હીકલ પોલિસી -૨૦૨૧ અંતર્ગત બેટરી સંચાલિતટુ-વ્હીલર પર મહત્તમ રૂ. ૨૦,૦૦૦, થ્રિ વ્હીલર રૂ. ૫૦,૦૦૦ તેમજ ફોર વ્હીલર પર રૂ. ૧,૫૦,૦૦૦ સુધીની સબસીડી આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજકોટ આર.ટી.ઓ. દ્વારા તા. ૧-૭-૨૦૨૧ થી તા. ૪-૫-૨૦૨૨ સુધીમાં ૩૫૩ ટુ-વ્હીલર અને ૨૧ ફોર વ્હીલર મળીને કુલ ૩૭૪ ઈ-વાહનોને રૂ. ૧.૦૨ કરોડની સબસીડી આપવામાં આવી હોવાનું આર.ટી.ઓ. અધિકારી પી.બી. લાઠીયાએ જણાવ્યું છે.

જે ઈ-વાહન ધારકોએ તા. ૧-૭-૨૦૨૧ બાદ વાહન લીધેલ હોઈ તેમજ રાજ્ય સરકાર દ્વારા અપાતી અન્ય કોઈપણ પ્રકારની સબસીડીનો લાભ ન મેળવ્યો હોઈ તે વાહન ધારક ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી શકે છે.

સબસીડી માટે તૈયાર કરાયેલી પોલિસી મુજબ ટુ વ્હીલર વાહનની મહત્તમ ફેક્ટરી કિંમત રૂ.૧.૫ લાખ, થ્રી વ્હીલરની રૂ. ૫ લાખ તેમજ ફોર વ્હીલરની કિંમત રૂ. ૧૫ લાખથી વધુ ન હોવી જોઈએ, તેમજ બેટરીની ક્ષમતા કે.ડબ્લ્યુ.એચ. રૂ. ૧૦ હજારના ગુણાંકમાં સબસીડી મળવા પાત્ર હોઈ છે.(૫)


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
-:શ્રધ્ધાંજલિની જાહેર ખબરઃ-
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.